# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

**બ્લોક નં. ૨, પહેલો માળ, કર્મયોગી ભવન, સેક્ટર – ૧૦-એ, ગાંધીનગર**

## દિવ્યાંગ ઉમેદવારો માટે ખાસ ભરતી ઝુંબેશ હેઠળની

## જાહેરાત ક્રમાંકઃ૪૪૨/૨૦૨૬૨૭, જુનિયર ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ–૩

## અંગેની વિગતવાર સૂચનાઓ

**(વેબસાઇટ એડ્રેસ : https://ojas.gujarat.gov.in અને https://gsssb.gujarat.gov.in)**

---

**૧.** ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા **ઉદ્યોગ અને ખાણ વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર હસ્તકના જુનિયર ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ–૩ સંવર્ગની કુલ–૦૩ જગ્યાઓ માત્ર દિવ્યાંગ ઉમેદવારોથી** સ્પર્ધાત્મક પરીક્ષા મારફતે સીધી ભરતીથી ભરવા માટેની પ્રક્રિયામાં પસંદગી/પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી **OJAS** વેબસાઇટ મારફત ઓનલાઇન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારોએ **https://ojas.gujarat.gov.in** વેબસાઇટ પર **તા.૨૦/૦૭/૨૦૨૬ (બપોરના ૧૭:૦૦ કલાક) થી તા.૦૩/૦૮/૨૦૨૬ (સમય રાત્રિના ૨૩:૫૯ કલાક સુધી)** દરમિયાન ઓન–લાઇન અરજી કરવાની રહેશે.

**૨.** **અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ સહિત આ સમગ્ર જાહેરાત દરેક ઉમેદવારે પ્રથમ ધ્યાનથી વાંચવી જરૂરી છે. જેથી ઉમેદવાર દ્વારા અરજીપત્રક ભરતા સમયે કોઈ ભૂલ/ખોટી વિગત દર્શાવવાનું ટાળી શકાય કે જેના કારણે ઉમેદવારી રદ થવાના પ્રશ્નો ઉપસ્થિત ન થાય.**

**૩.** ભરતી પ્રક્રિયા સંબંધેની તમામ સૂચનાઓ મંડળની વેબસાઇટ **https://gsssb.gujarat.gov.in** પર મૂકવામાં આવશે. તેથી સમયાંતરે મંડળની વેબસાઇટ અચૂક જોતાં રહેવું.

**૪.** ઓન–લાઇન અરજી કરતી વખતે ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, વય, જાતિ તેમજ અન્ય લાયકાતના બધાં જ અસલ પ્રમાણપત્રો પોતાની પાસે જ રાખવાનાં રહેશે અને અરજીપત્રકમાં તે પ્રમાણપત્રોમાં દર્શાવ્યા મુજબની જરૂરી વિગતો ભરવાની રહેશે. આમ, પોતાનાં બધાં જ પ્રમાણપત્રો જેવાં કે, શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, કૅટેગરી (**SC/ST/SEBC/EWS**), તેમજ અન્ય લાયકાતનાં અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓન–લાઇન અરજીમાં પોતાનાં પ્રમાણપત્રોને આધારે સાચી વિગતો ભરવાની રહે છે. અરજીમાંની ખોટી વિગતોને કારણે અરજી 'રદ' થવાપાત્ર બને છે. આથી, ઓનલાઇન અરજીપત્રક ઉમેદવારે કાળજીપૂર્વક ભરવાનું રહે છે.

## ૫. જગ્યાની વિગતો :–

**સંવર્ગવાર જગ્યાની વિગતો નીચે મુજબ છે.**

| જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કુલ જગ્યાઓ પૈકી દિવ્યાંગતાના જુથ પ્રમાણે અનામત જગ્યાઓ | | | |
|---|---|---|---|---|---|
| | | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી | બધિર અને ઓછું સાંભળનાર | મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ | સ્વલીનતા (Autism), બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શિખવાની અક્ષમતા અને માનસિક બીમારી / બહેરાશ–અંધત્વ સહિતની ખંડ (અ) થી (ડ) હેઠળની એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ |
| | | -- | D, HH | OA, OL, BA*, BL*, LC, Dw, AAV, SD, SI | ASD(M), SLD, MI, MD |
| | | A | B | C | D & E |
| જુનિયર ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ–૩ | ૦૩ | -- | ૦૧ | ૦૧ | ૦૧ |

**D** (Deaf), **HH** (Hard of Hearing)**, OA** (One Amm), **OL** (One Leg), **BA*** (Both Arm), **BL*** (Both Leg), **LC** (Leprosy Cured), **Dw** (Dwarfism), **AAV** (Acid Attack Victim), **SD** (Spinal Deformity), **SI** (Spinal Injury), **ASD(M)** (Autism Spectrum Disorder), **SLD** (Specific learning Disability), **MI** (Mental Illness-), **MD** (Multiple Disabilities)

**નોંધ:– BA*, BL*** પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૯/૦૬/૨૦૨૩ અને તા.૧૧/૧૦/૨૦૨૩ના ઠરાવની જોગવાઇઓ તથા શરતો ધ્યાને લઇ મેડીકલ બોર્ડના અભિપ્રાય આધારે નિમણૂક માટે લાયક કે ગેરલાયક છે કે કેમ તે સંબંધિત વિભાગ દ્વારા નક્કી કરવામાં આવશે.

**નોંધ:–**

(૧) આ જાહેરાતમાં દર્શાવેલી જગ્યાઓમાં વધઘટ થવાની શક્યતા રહેલી હોઈ, જગ્યાઓમાં વધઘટ થઈ શકશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧/૧૧/૨૦૨૪ ના પરિપત્ર ક્રમાંક: સીઆરઆર/૧૦૨૦૧૭/૧૨૨૬૩૯/ગ.૨(ભાગ–૨) થી દિવ્યાંગ વ્યક્તિઓની સીધી ભરતીમાં અનામત જગ્યાઓની ઘટ ખાસ ભરતી ઝુંબેશથી ભરવીની થતી હોઈ આ ભરતી પ્રસંગને પ્રથમ ભરતી પ્રસંગ તરીકે ધ્યાને લઈ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦/૧૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૨૦૧૭ /૧૨૨૬૩૯/ગ.૨ ની જોગવાઈ ધ્યાને લેતાં જે જુથ મુજબની બેન્ચમાર્ક ડિસેબીલીટીસ ધરાવતી યોગ્ય દિવ્યાંગ વ્યક્તિ ન મળવાના કારણે જો કોઇ જગ્યા ભરી ન શકાય તો આવી ખાલી જગ્યા ત્યાર બાદના ભરતી પ્રસંગમાં ખેંચવાની રહેશે. આથી ઉપરોક્ત કોષ્ટકમાં જે દિવ્યાંગતાના જુથમાં જગ્યાઓ દર્શાવેલ છે તે જુથમાં દર્શાવેલ માન્ય દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે.

(૩) દિવ્યાંગ ઉમેદવારોને **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારના તા:૧૫/૧૨/૨૦૨૫ના પરીપત્ર ક્રમાંક:HFWD/MSM/e-file/7/2024/1833/A થી** નિયત થયેલા સુપરિન્ટેન્ડેન્ટ/ સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધીન રહીને ઉપલી વય મર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં).

(૪) દિવ્યાંગ ઉમેદવારો માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૨/૨૦૨૪ના પરિપત્ર ક્રમાંક: GAD/PHA/e-file/1/2023/8017/G2 થી પરિપત્રિત થયા અનુસાર The Rights of Persons with Disabilities Act, 2016 અમલી થયેલ હોય સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ પરિપત્રથી નિયત થયેલ દિવ્યાંગતા પ્રમાણપત્રના બદલે દિવ્યાંગતાના પ્રમાણપત્ર સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/જોગવાઈ અનુસાર **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૫/૧૨/૨૦૨૫ના પરિપત્ર ક્રમાંકઃ HFWD/MSM/e-file/7/ 2024 /1833 /A અન્વયે The Rights of Persons with Disabilities Rules, 2017 થી નિયત થયેલ Form – V, VI, VII મુજબનું દિવ્યાંગતા પ્રમાણપત્ર (Disability Certificate) (જે લાગુ પડે તે મુજબ) ઉમેદવારોએ આપવાનું રહેશે.**

દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારે Online ફોર્મમાં Personal Details માં નીચે દર્શાવેલ જુથ પૈકી કઈ દિવ્યાંગતા છે તેની વિગત અને ટકાવારી દર્શાવવાની રહેશે.

(બ) બધિર અને ઓછું સાંભળનાર

(ક) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ

(ડ) સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શિખવાની અક્ષમતા અને માનસિક બીમારી ખાસ વિષય શિખવાની અક્ષમતા અને માનસિક બીમારી,

(ઈ) બધિર સહિતની ખંડ (બ) થી (ડ) હેઠળની એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.

(૫) આ જાહેરાત દિવ્યાંગ વ્યક્તિઓની અનામતની ઘટની જગ્યાઓ ખાસ ભરતી ઝુંબેશ (**Special Recruitment Drive**) થી ભરવા અંગેની હોઈ કક્ષાવાર કોઈ અનામત જગ્યાઓ રાખવામાં આવેલ નથી. પરંતુ દિવ્યાંગ ઉમેદવાર તેઓ જે કેટેગરીના હોય તે કેટેગરીમાં અરજી કરી શકશે. પસંદગી પામેલ ઉમેદવારોને સંબંધિત કેટેગરી **(SC/ST/SEBC/EWS)** ની જગ્યા સામે સરભર કરવાના રહેતા હોઈ મૂળ ગુજરાત રાજ્યના અનામત વર્ગના ઉમેદવારોનો જ સમાવેશ તેઓના અરજીપત્રકમાં દર્શાવેલ કેટેગરી **(SC/ST/SEBC/EWS)** સામે કરવામાં આવશે અન્યથા સામાન્ય કેટેગરીમાં દર્શાવવામાં આવશે.

(૬) દિવ્યાંગ વ્યક્તિઓની સીધી ભરતીમાં અનામતની જગ્યાઓની ઘટ ખાસ ભરતી ઝુંબેશથી (**Special Recruitment Drive**) થી ભરવા માટેની પ્રક્રિયા હોય મહિલાઓ તથા માજી સૈનિક માટે અલગથી અનામત જગ્યાઓ રાખવામાં આવેલ નથી.

## ૬. નાગરિકત્વ:-

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ-૭ ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઈએ.

## ૭. વયમર્યાદા:–

(૧) **તા.૦૩/૦૮/૨૦૨૬ ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૫** વર્ષથી વધુ ન હોવી જોઇએ;

ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

(૨) દિવ્યાંગ ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર છે.

| **કેટેગરી** | **છૂટછાટ** | **મહત્તમ વયમર્યાદા** |
|---|---|---|
| સામાન્ય કેટેગરીનાં શારીરિક અશક્તતા ધરાવતા પુરુષ ઉમેદવારોને | **૧૦ વર્ષ** | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| સામાન્ય કેટેગરીનાં શારીરિક અશક્તતા ધરાવતાં મહિલા ઉમેદવારોને (૧૦+૫=૧૫) | **૧૫ વર્ષ** | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| અનામત કેટેગરીનાં શારીરિક અશક્તતા ધરાવતાં પુરુષ ઉમેદવારો (૫+૧૦=૧૫) | **૧૫ વર્ષ** | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| અનામત કેટેગરીનાં શારીરિક અશક્તતા ધરાવતાં મહિલા ઉમેદવારો (૫+૧૦+૫=૨૦) | **૨૦ વર્ષ** | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |

## ૮. પગારધોરણ:–

નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬, તા.૨૯/૦૪/૨૦૧૦, તા.૦૬/૧૦/૨૦૧૧ તથા તા.૨૦/૧૦/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક:ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧ તેમજ તા.૨૦/૧૦/૨૦૧૫ તથા તા.૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ–૨)/ઝ.૧ અને છેલ્લે તા.૧૮/૧૦/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ–૪)/ઝ.૧ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ **રૂ.૪૦,૮૦૦/–ના** ફિક્સ પગારથી નિમણૂક અપાશે તેમજ ઉક્ત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે.

સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૧૦/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૧/૨૦૧૫/૩૧૨૯૧૧/ગ.૧ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક:ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ–૩)/ઝ.૧ તથા તા.૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવમાં દર્શાવેલી બોલીઓ અને શરતોને આધીન, નિમાયેલા ઉમેદવાર પાંચ વર્ષના અંતે ઉમેદવારની સેવાઓ સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં **સાતમા પગાર પંચના રૂ.૨૯,૨૦૦/–થી રૂ.૯૨,૩૦૦/– (લેવલ–૫)** ના પગારધોરણમાં નિયમિત નિમણૂક મેળવવાને પાત્ર થશે. તેમ છતાં, આ બાબત નામદાર સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલા **SLP No.14124/2012** અને **SLP No.14125/2012** ના ચુકાદાને આધીન રહેશે.

## ૯. શૈક્ષણિક લાયકાતની વિગતો:–

**(b) possess-**

(i) a **Bachelor's degree in Engineering or Technology (excluding Civil Engineering)** obtained from any of the Universities established or incorporated by or under the Central or

a State Act in India or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; **or**

(ii) a **diploma in Engineering or Technology (excluding Civil Engineering)** of the Technical Examination Board or an institution recognised as such by the Government and; have about two years experience of practical work as a technical worker (but not as a labour) in the Government. or the Government undertaking Board or any industry or large-scale industrial house or company established under the Companies Act, 2013;

(c) possess the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967;

(d) possess adequate knowledge of Gujarati or Hindi or both.

**નોંધઃ-**

(૧) ઉપર દર્શાવેલ સંવર્ગના ભરતી નિયમોમાં નિયત થયેલી શૈક્ષણિક લાયકાતના અગત્યના મુદ્દાઓનો અરજીપત્રકમાં સમાવેશ કરવામાં આવેલ છે. પરંતુ, આખરી પસંદગી સમયે ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ જોગવાઈઓને ધ્યાને લેવામાં આવશે. ઉમેદવારે ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ વિગતો ધ્યાને લઈને જ ઉક્ત જાહેરાત માટે અરજીપત્રકમાં વિગતો ભરવાની રહેશે.

(૨) આ જાહેરાતની કોઈ પણ બાબતે અર્થઘટન સંબંધે ભરતી પ્રક્રિયા દરમ્યાન કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે સંબંધિત વિભાગ/ ખાતાના વડાની કચેરીનો પરામર્શ કરીને યોગ્ય તે નિર્ણય લેવામાં આવશે.

## ૧૦. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગો માટેના ઉમેદવારો માટેની સામાન્ય સૂચનાઓ :-

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારને જ ઉપલી વય મર્યાદામાં છૂટછાટ અને અનામત વર્ગો તરીકેના લાભો મળવાપાત્ર થશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગો પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજી પત્રકમાં અચૂક દર્શાવવાની રહેશે.

(૩) અનામત વર્ગના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ કેટેગરીના ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતોવખત નિયત કરેલ નમૂનામાં અને સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવેલું હોવું જોઇશે.

(૪) અનામત વર્ગના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં કે અન્ય કોઈ છૂટછાટ મળશે નહિ.

(૫) ઉમેદવારે **Online** અરજીપત્રકમાં વિગતો ભરતી વખતે જાતિ (કેટેગરી) અંગે જે વિગત દર્શાવેલી હશે તે અરજીપત્રક **Confirm** થયેથી જાતિ (કેટેગરી)માં પાછળથી કોઈ ફેરફાર કરવાની વિનંતી ધ્યાને લેવામાં આવશે નહીં.

## ૧૧. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો:–

(૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (**SEBC**) ના ઉમેદવારોએ નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪/ ૨૦૨૪–૨૫/૨૦૨૫–૨૬ ની આવકના આધારે ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક: સસપ/ ૧૧૦૯/૧૬૬૩/અ થી રાજ્ય સરકારની નોકરી માટે નિયત થયેલ પરિશિષ્ટ–૪ મુજબ ગુજરાતી નમૂનામાં નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટ **તા.૦૧/૦૪/૨૦૨૪ થી અરજી સ્વીકારવાની છેલ્લી તા.૦૩/૦૮/૨૦૨૬** સુધીમાં મેળવેલું હોય તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૧૮/૦૮/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક : સશપ/ ૧૨૨૦૧૭/૧૨૪૩૮૨/અ થી ઠરાવેલ જોગવાઈઓને ધ્યાને લેતાં ઉક્ત ૧૧(૧)માં દર્શાવેલ પરિશિષ્ટ–૪ મુજબના પ્રમાણપત્રના વિકલ્પે ઉમેદવારે **તા.૦૧/૦૪/૨૦૨૬ થી અરજી કરવાની છેલ્લી તા.૦૩/૦૮/૨૦૨૬** દરમ્યાનમાં કેન્દ્ર સરકાર હેઠળની નોકરીઓમાં અનામત માટે ભારત સરકારે ઠરાવેલ **Annexure-A** મુજબના નમુનામાં મેળવેલું હોય તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) ઉક્ત ૧૧(૧) અથવા ૧૧(૨) મુજબનું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો જ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (**SEBC**) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કૅટેગરીના દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં તેઓની પસંદગી થયેથી તેઓનો સમાવેશ સામાન્ય કૅટેગરીના દિવ્યાંગ ઉમેદવાર તરીકે કરવામાં આવશે.

(૪) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવું નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા–પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો તેની અરજી "રદ" કરવામાં આવશે.

(૫) ઉમેદવારે ઉક્ત ૧૧(૧) અથવા ૧૧(૨) મુજબ મેળવેલા અસલ પ્રમાણપત્રનો નંબર અને પ્રમાણપત્ર ઇશ્યૂ તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. ઉમેદવારે ઓનલાઇન અરજી કરતી વખતે જે નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટની વિગતો જણાવેલ હોય તે જ પ્રમાણપત્ર ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાનું રહેશે. જો આવા પ્રમાણપત્રમાં ભૂલ હોવાના કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો આવું પ્રમાણપત્ર ધ્યાને લેવામાં આવશે નહિ. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ નિયત સમયમર્યાદાનું પ્રમાણપત્ર રજૂ ન કરી શકનાર ઉમેદવારો બિનઅનામત ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.

## ૧૨. આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો:–

(૧) આર્થિક રીતે નબળા વર્ગ (**EWS**)ના ઉમેદવારોએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ અને તા.૧૩/૦૯/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઈ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ ની જોગવાઈ થી નિયત થયેલ નમુના **Annexure-KH** (અંગ્રેજી) અથવા પરિશિષ્ટ–ગ (ગુજરાતી)ના નમૂનામાં **તા.૦૪/૦૮/૨૦૨૩ થી તા.૦૩/૦૮/૨૦૨૬** સુધીમાં મેળવેલું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૨) ઉક્ત ૧૨(૧) માં જણાવેલ પ્રમાણપત્રના વિકલ્પે આર્થિક રીતે નબળા વર્ગ (**EWS**)ના ઉમેદવારોએ નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬ ની આવકના આધારે **તા.૦૧/૦૪/૨૦૨૬ થી અરજી કરવાની છેલ્લી**

**તા.૦૩/૦૮/૨૦૨૬** સુધીમાં ભારત સરકાર હેઠળના **EWS** અનામતના લાભ માટે **Income and Asset Certificate** મેળવેલું હોય તે પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) ઉક્ત ૧૨(૧) અથવા ૧૨(૨) માં જણાવેલ પ્રમાણપત્રો સિવાયના અન્ય કોઈ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહીં. આર્થિક રીતે નબળા વર્ગ (**EWS**)ના જે ઉમેદવારો આ બંને પ્રમાણપત્રો પૈકી કોઇ એક પ્રમાણપત્ર ધરાવતા હશે તેઓને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. ગુજરાત સરકારની યોજનાઓના લાભ હેતુના પ્રમાણપત્રને કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) ઉમેદવારે ઉક્ત ૧૨(૧) અથવા ૧૨(૨) મુજબ મેળવેલા અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે અને દર્શાવેલ વિગતો મુજબનું અસલ પ્રમાણપત્ર ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનું રહેશે. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજૂ ન કરી શકનાર ઉમેદવારો બિનઅનામત ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.

## ૧૩. માન્ય રમત ગમતના વધારાના ગુણ મેળવવા માટેની લાયકાત:-

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૧/૦૨/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૨૦૧૩/ ૨૪૨૭૯૨/ગ.૨ થી ઠરાવેલ જોગવાઈ અનુસાર ઍથ્લેટિક્સ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબૉલ, ક્રિકેટ, ફૂટબૉલ, હોકી, સ્વિમિંગ, ટેબલ ટેનિસ, વૉલીબૉલ, ટેનિસ, વેઇટલિફ્ટિંગ, રેસલિંગ, બોક્સિંગ, સાઇકલિંગ, જિમ્નેસ્ટિક્સ, જૂડો, રાઇફલ શૂટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો-ખેલકૂદમાં (i) રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય અથવા (ii) આંતર યુનિવર્સિટી અથવા (iii) અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલું હોય, તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે તેમને **MCQ-OMR / MCQ- Computer Based Response Test (CBRT)** પરીક્ષામાં મેળવેલા ગુણ/ **Normalized** ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. તેથી ઉક્ત ત્રણ પૈકીની કોઇ એક સ્પર્ધામાં ઉમેદવારોએ ભાગ લીધેલો હોય તેવા જ ઉમેદવારોએ અરજીપત્રકમાં જરૂરી વિગતો દર્શાવવાની રહેશે. ઉક્ત ત્રણ સ્તર સિવાયની સ્પર્ધાઓમાં ભાગ લીધેલો હોય તો તેને અગ્રીમતા માટે માન્ય ગણવાની રહેતી ન હોવાથી, તેવા ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો દર્શાવવાની રહેશે નહીં. ઉક્ત ત્રણ સ્તર પૈકીની કોઇ એક સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લીધેલા ઉમેદવારોએ સરકારના તા.૨૫/૦૨/૧૯૮૦ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨ તથા તા.૦૧/૦૮/૧૯૯૦ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગ.૨ માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલું જરૂરી પ્રમાણપત્ર અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવાર જ રમતના ગુણ મેળવવા માટે હક્કદાર થશે.

(૨) ઉમેદવારોએ સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલા ગુણના ૫ (પાંચ) ટકા ઉમેરી મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. જો કોઇ તબક્કે ઉમેદવાર માન્ય કક્ષાનું માન્ય રમતનું પ્રમાણપત્ર ન હોવાનું સ્થાપિત થશે તો તેઓને આપવામાં આવેલ ૫ (પાંચ) ટકા ગુણનો વધારો રદ કરીને મેરીટ પુનઃ નક્કી કરવામાં આવશે.

(૩) સરકારશ્રી દ્વારા નિયમિત ભરતીમાં છૂટછાટ મુકીને વર્ગ–૩ અને વર્ગ–૪ની જગ્યાઓ પર રમતવીરોને પસંદગી આપવા બાબતના વખતો–વખતના સુધારા ઠરાવોની જોગવાઈઓ લાગુ પડશે.

## ૧૪. વિધવા ઉમેદવારો:–

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજીપત્રકમાં તે કૉલમ સામે 'હા' અવશ્ય લખવું, અન્યથા 'લાગુ પડતું નથી એમ દર્શાવવું.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/ ૨૨૧૩/ગ.૨માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેઓને **MCQ-OMR / MCQ- Computer Based Response Test (CBRT)** પરીક્ષામાં મેળવેલા કુલ ગુણ/ **Normalized** ગુણના મેરિટ્સના આધારે મેળવેલા ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે, પરંતુ તેઓએ નિમણૂક સમયે પુનઃ લગ્ન કરેલાં ન હોવાં જોઈએ અને તે અંગે મંડળ માંગે ત્યારે તમામ પુરાવા અસલમાં રજૂ કરવાના રહેશે.

(**નોંધઃ–** ઉમેદવારોએ સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલા ગુણના ૫ (પાંચ) ટકા ઉમેરી મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. જો કોઇ તબક્કે ઉમેદવાર પુનઃ લગ્ન કરેલાં ન હોવા અંગે તમામ પુરાવા અસલમાં રજૂ કરવા નિષ્ફળ રહેશે તો તેઓને આપવામાં આવેલ ૫ (પાંચ) ટકા ગુણનો વધારો રદ કરીને મેરીટ પુનઃ નક્કી કરવામાં આવશે.)

(૩) કોઈ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે 'વિધવા' ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિદ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે 'વિધવા' બને અને તે અંગે જરૂરી દસ્તાવેજ/પુરાવાઓ રજૂ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને 'વિધવા મહિલા ઉમેદવાર' તરીકેના લાભ આપવામાં આવશે.

## ૧૫. શૈક્ષણિક લાયકાત/ વયમર્યાદા/ અન્ય લાયકાત માટે નિર્ધારિત તારીખ:–

શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, ઉન્નત વર્ગોમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર (નોન ક્રીમીલેયર સર્ટિફિકેટ), આર્થિક રીતે નબળાવર્ગનું પ્રમાણપત્ર, જાતિનું પ્રમાણપત્ર અને અન્ય જરૂરી લાયકાત માટે **તા.૦૩/૦૮/૨૦૨૬ની** સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

## ૧૬. કોમ્પ્યુટરની જાણકારી:–

ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ.૫ થી નક્કી કરેલા અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યૂટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનું, કોઈ પણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઇશે અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યૂટર જ્ઞાન અંગેના કોઈ પણ ડિપ્લોમા/ડિગ્રી કે સર્ટિફિકેટ કોર્સ કરેલા હોય તેવાં પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યૂટર એક વિષય તરીકે હોય તેવાં પ્રમાણપત્રો અથવા ધોરણ– ૧૦ અથવા ધોરણ–૧૨ની પરીક્ષા કોમ્પ્યૂટરના વિષય સાથે પાસ કરેલી હોય તેવાં પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. જો કે, આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ, આવા ઉમેદવારોએ નિમણૂક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યૂટરની બેઝિક નૉલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂક મેળવતાં પહેલાં અચૂક રજૂ કરવાનું રહેશે, અન્યથા નિમણૂક મેળવવાને પાત્ર થશે નહીં તેમજ નિમણૂક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી "રદ" કરશે.

## **૧૭. અરજી કરવાની રીતઃ-**

આ જાહેરાતના સંદર્ભમાં મંડળ દ્વારા ઓન લાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. જે અન્વયે ઉમેદવારો **તા.૨૦/૦૭/૨૦૨૬(બપોરના ૧૭-૦૦ કલાક) થી તા.૦૩/૦૮/૨૦૨૬ (સમય ૨૩:૫૯ કલાક સુધી)** દરમ્યાન **"https:// ojas.gujarat.gov.in"** વેબસાઈટ પર ઓન-લાઈન અરજીપત્રક ભરી શકશે. એક જ જાહેરાત અન્વયે એક કરતાં વધુ અરજી કરનાર ઉમેદવારોના કિસ્સામાં સૌથી છેલ્લે કન્ફર્મ થયેલી અરજી માન્ય ગણીને તે સિવાયની બાકીની તમામ અરજીઓ રદ થશે. અરજી કરવા બાબતની વિગતવાર સૂચનાઓ નીચે મુજબ છે.

**ઉમેદવારે અરજીપત્રક ભરવા માટે :-**

(૧) સૌપ્રથમ **"https://ojas.gujarat.gov.in"** વેબસાઈટ પર જવું.

(૨) ત્યારબાદ **"On line Application"** માં **Apply** પર **Click** કરવું અને **GSSSB** સિલેક્ટ કરવું.

(૩) ઉમેદવારે જાહેરાત ક્રમાંક:**૪૪૨/૨૦૨૬૨૭, જુનિયર ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ-૩** સંવર્ગની જાહેરાત માટે ઉમેદવારી કરવા માટે જાહેરાતના સંવર્ગના નામ પર **Click** કરી **Apply** પર ક્લિક કરવું. ત્યાર બાદ સ્ક્રીન પર **More Details** અને **Apply now** ના ઓપ્શન ખૂલશે. જેમાં **More Details** પર **Click** કરવાથી વિગતવાર જાહેરાતની વિગતો જોવા મળશે. જે ઉમેદવારોએ વાંચી જવી.

(૪) જયારે **"Apply now"** પર **Click** કરવાથી નવી વિન્ડો ખૂલશે. જેમાં **"Skip"** પર ક્લિક કરવાથી **Application Format** ખૂલશે જેમાં સૌ પ્રથમ **"Personal Details"** ઉમેદવારે ભરવી. (જ્યાં લાલ ફુદડી (*) ની નિશાની હોય ત્યાં માગ્યા મુજબની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)

**નોંધ : One Time Registration (OTR)** ઉમેદવારને ઓનલાઈન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ છે તે કરવા માત્રથી જે તે જાહેરાત અન્વયે **On line** અરજી કરેલ ગણાશે નહી.

(૫) **Personal Details** ભરાયા બાદ **"Educational Details"** ભરવાની રહેશે.

(૬) ત્યાર બાદ **"Assurance"** (બાંહેધરી) માં દર્શાવેલ શરતો સ્વીકારવા માટે **"Yes" Select** કરી **"save"** પર **Click** કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે.

(૭) હવે **"save"** પર **Click** કરવાથી **"Application Number" generate** થયેલ હશે જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.

(૮) હવે **Upload Photograph** પર **Click** કરો અહીં તમારો **application number type** કરો અને તમારી **Birth date type** કરો. ત્યારબાદ **ok** પર **Click** કરવું. અહીં **photo** અને **signature upload** કરવાના છે. (**Photo** નું માપ ૫ સે.મી. ઉંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને **Signature** નું માપ ૨.૫ સે.મી. ઉંચાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી.) (**photo** અને **signature upload** કરવા સૌ પ્રથમ તમારો **photo** અને **signature jpg format** માં (**15 kb**) સાઈઝથી વધે નહિ તે રીતે સ્કેન કરી **computer** માં સેવ કરેલા હોવા જોઈશે.) **photo** અને **signature** અપલોડ કરવા માટે **"browse" button** પર **Click** કરો. હવે **choose file** ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં **jpg format** માં તમારો **photo store** થયેલ છે, તે ફાઈલને **select** કરો અને **"open" button** ને **Click** કરો. હવે **"browse" button** ની બાજુમાં **"upload" button**

પર **Click** કરો. હવે બાજુમાં તમારો **photo** દેખાશે. હવે આજ રીતે **signature** પણ **upload** કરવાની રહેશે. જે **photo** અને **signature** અપલોડ કરવામાં આવ્યા હશે તે જ **photo** લેખિત પરીક્ષાના હાજરીપત્રકમાં ચોંટાડવાનો રહેશે તથા તેવી જ **signature** કરવાની રહેશે તેમજ આ ભરતી પ્રક્રિયાના નિમણૂંક સુધીના દરેક તબક્કે મંડળ/સંબંધિત ખાતાના વડા માંગે ત્યારે તેવો જ ફોટો રજૂ કરવાનો રહેશે. **(અરજીમાં પાસપોર્ટ સાઇઝનો White Background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખથી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ.) આથી ફોટોગ્રાફની ચારથી પાંચ કોપીઓ કઢાવી રાખવી. જુદા જુદા તબક્કે જુદા જુદા ફોટોગ્રાફ રજૂ થશે તો ફાળવણી/નિમણૂકમાં બાધ આવી શકશે. જેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.**

(૯) હવે પેજના ઉપરના ભાગમાં **Online Application** ટેબમાં **"Confirm Application"** પર **Click** કરો અને **"Application number"** તથા **Birth Date type** કર્યા બાદ **Ok** પર **Click** કરવાથી ઉમેદવારની **Basic Details** અને **confirm application** દેખાશે. ઉમેદવારને અરજીમાં સુધારો કરવાની જરૂર જણાય તો **edit** કરી લેવું. અરજી કન્ફર્મ કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો થઈ શકશે. પરંતુ અરજી કન્ફર્મ થયા બાદ કોઈપણ પ્રકારનો સુધારો શકય બનશે નહીં. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ **confirm application** પર **Click** કરવું. તેથી ઉમેદવારની અરજીનો મંડળમાં **online** સ્વીકાર થઈ જશે. એકવાર ઓનલાઇન અરજી કન્ફર્મ થયા બાદ, તેમાં કોઈપણ પ્રકારનો ફેરફાર ઉમેદવાર કે મંડળ દ્વારા થઇ શકશે નહીં. અરજીમાં દર્શાવેલી વિગતોને અનુરૂપ પ્રમાણપત્રો મંડળ માંગે ત્યારે ઉમેદવારે રજૂ કરવાના રહેશે. આથી, ઉમેદવારે પ્રથમ તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે પોતાનું નામ, પતિ/પિતાનું નામ, અટક, જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, જાતિ (કૅટેગરી), જેન્ડર (મેલ/ફીમેલ), માજી સૈનિક, સ્પોર્ટ્સ, દિવ્યાંગતા, વિધવા વગેરે બાબતોની બારીક ચકાસણી કરી લઈને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજીમાં દર્શાવવાની રહેશે. મંડળ દ્વારા ચકાસણી સારુ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવાર દ્વારા મંડળ સમક્ષ રજૂ કરવામાં આવતાં પ્રમાણપત્રોમાં કોઈપણ જાતની વિસંગતતા માલૂમ પડશે તો, તેવી ક્ષતિયુક્ત અરજીઓ મંડળ દ્વારા જે તે તબક્કેથી 'રદ' કરવામાં આવશે. ખોટી કે અધૂરી વિગતોને કારણે ક્ષતિયુક્ત અરજી રદ કરવામાં આવે તો, તેમાં મંડળની કોઇ જવાબદારી રહેશે નહીં. આથી, ઉમેદવારોને તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે અને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાની ખાસ કાળજી રાખવા જણાવવામાં આવે છે. **confirm application** પર **click** કરતાં અહીં **"confirmation number" generate** થશે. આ **"confirmation number"** હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે.

(૧૦) હવે **print application** પર **Click** કરવું. અહીં **Select Job** માંથી જાહેરાત ક્રમાંક સિલેક્ટ કરીને તમારો **confirmation number** ટાઈપ કરવો અને જન્મતારીખ ટાઈપ કરવાથી તમારી અરજી ઓપન થશે. જેની પ્રિન્ટની નકલ ફરજિયાતપણે કાઢીને સાચવી રાખવી. નોંધાયેલ ઉમેદવાર અરજી કરવાની અંતિમ તારીખ સુધી **Online Application Form** ડાઉનલોડ કરીને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સાચવી રાખે તે ઉમેદવારના હિતમાં છે. અરજી કરવાની અંતિમ તારીખ બાદ ઉમેદવાર **Application Form** ડાઉનલોડ કરી શકશે નહીં.

(૧૧) ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગવશાત, જો કોઇ ઉમેદવારે એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજીને માન્ય રાખીને અન્ય અરજીપત્રકને રદ ગણવામાં આવશે. બિનઅનામત વર્ગના ઉમેદવારોએ છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ હશે તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલી ફી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય, તો આવા ઉમેદવારની બાકીની અરજીઓ પૈકી નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

## ૧૮. પરીક્ષા ફી :-

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૩૧/૦૧/૨૦૨૪ ના પત્રમાં થયેલી જોગવાઈ મુજબ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવામાં આવતી સીધી ભરતીની તમામ પરીક્ષાઓ માટે પરીક્ષા ફી નું ધોરણ નીચે મુજબનું રહેશે.

| ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની તમામ પરીક્ષાઓ માટે પરીક્ષા ફી નું ધોરણ | | |
|---|---|---|
| | **બિનઅનામત વર્ગ** | **અનામત વર્ગ (તમામ કેટેગરીની મહિલા, સા.શૈ.પ.વર્ગ, અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, આ.ન.વર્ગ, દિવ્યાંગ અને એક્સ સર્વિસમેન ઉમેદવારો)** |
| **પ્રાથમિક પરીક્ષા** | **રૂ.૫૦૦/-** | **રૂ.૪૦૦/-** |
| **The fees paid shall be refunded to those candidates who appear for the examination.**<br>**પરીક્ષામાં ઉપસ્થિત રહેલા ઉમેદવારોને પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે.** | | |

(૨) તમામ ઉમેદવારોએ ઉપર દર્શાવ્યા મુજબની ફી ઓનલાઇન માધ્યમથી જ ભરવાની થાય છે. ઉમેદવારોએ **OJAS** વેબસાઇટ પર પોતાની અરજી સબમિટ કરી **confirmation number** મેળવ્યા બાદ, પરીક્ષા **ફી છેલ્લી તા.૦૬/૦૮/૨૦૨૬ (૨૩:૫૯ કલાક)** સુધીમાં ફરજિયાત ઓન-લાઈન ભરવાની રહેશે. ઓન-લાઈન માધ્યમથી ફી ભરવા માટે **OJAS** વેબસાઇટ પર **Online Application** ટેબમાં **Print Application Form / Pay Fees** પર **Click** કરવાથી **Online Payment** માટેના **Options** દેખાશે. જેમાં **Online Payment of Fees** પર **Click** કરવું. જેમાં ડેબિટ કાર્ડ **(Debit Card)**, ઈન્ટરનેટ બેંકિંગ **(Internet Banking)**, **UPI** અથવા વૉલેટ **(Wallets)** દ્વારા ભરવાની રહેશે. આ ચાર માધ્યમ પૈકીના કોઈ પણ એક માધ્યમ દ્વારા ફી ભર્યા બાદ રસીદ જનરેટ થશે, જેની પ્રિન્ટ મેળવી લેવાની સુચના મળશે. **Online Application** ટેબમાં **Print Application Form / Pay Fees** પર **Click** કર્યા બાદ **Online Payment Receipt** પર ક્લીક કરવાથી પણ રસીદની પ્રિન્ટ મેળવી શકાશે. ઓનલાઇન માધ્યમથી ફી ભરનાર ઉમેદવારે પરીક્ષા ફી ઉપરાંત નિયમોનુસાર ટ્રાન્ઝેક્શન ફી ભરવાની રહેશે. પરીક્ષા ફી ભરવાની છેલ્લી તારીખ બાદ ફી ભરવા માટેની લિન્ક આપોઆપ બંધ થઈ જશે. ત્યારબાદ મંડળ દ્વારા **કોઇ પણ સંજોગોમાં અન્ય કોઇ પણ રીતે (લેઇટ ફી લઈને પણ) પરીક્ષા ફી સ્વીકારવામાં આવશે નહીં.**

**નોંધ: ઉમેદવારોએ ફી રસીદની પ્રિન્ટ અથવા ઇ–રસીદ ફરજિયાતપણે મેળવી લઈ સાચવવાની રહેશે. જો ફી રસીદ જનરેટ ન થાય તો અરજી માટેની ફી ભરાયેલ ગણાશે નહિ અને જ્યાં સુધી ફી ભરાયેલ નહિ હોય ત્યાં સુધી ઉમેદવારની અરજી માન્ય ગણાશે નહિ.**

(૩) પરીક્ષા માટેની ફી ઓનલાઇન માધ્યમ સિવાયના અન્ય કોઇ પણ માધ્યમથી સ્વીકારવામાં આવશે નહીં, જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

(૪) પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર ઉમેદવારોને તેઓએ જે માધ્યમથી પરીક્ષા ફી ભરેલ હશે તે માધ્યમથી પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે. પરીક્ષામાં ઉપસ્થિત ન રહેનાર ઉમેદવારોને પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે નહીં.

(૫) પરીક્ષા ફી નહીં ભરતા ઉમેદવારની અરજી માન્ય રહેશે નહીં તથા તે ઉમેદવારનું અરજીફોર્મ કોઇ પણ જાતની જાણ કર્યા વગર મંડળ દ્વારા 'રદ' કરવામાં આવશે.

(૬) મંડળ દ્વારા અરજી રદ થયાના કિસ્સામાં પણ ઉમેદવાર દ્વારા ભરવામાં આવેલ પરીક્ષા ફી પરત મળવા પાત્ર (રિફંડ) રહેશે નહીં.

(૭) **આ સંવર્ગના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, ઓનલાઇન અરજી ભરવા તેમજ ફી ભરવા સંબંધિત કોઈ માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો તે માટે મંડળની કચેરીના ફોન નંબર: ૦૭૯– ૨૩૨૫૮૯૧૬ પર સંપર્ક કરી શકાશે.**

## ૧૯. પરીક્ષા પદ્ધતિ:–

(૧) **સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૩ તથા તા:૧૬/૧૨/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક:ભરત/ ૧૦૨૦૨૩ /૬૩૮૯૩૭/ક** થી સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે ઠરાવેલી પરીક્ષા પદ્ધતિ અનુસાર, પરીક્ષા એક તબક્કામાં હેતુલક્ષી **MCQ (Multiple Choice Question)** પ્રકારના પ્રશ્નોવાળી **CBRT/OMR (Computer Based Respose Test/ Optical Mark Recognisation)** પદ્ધતિની સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષા: Part-A અને Part-B એમ બે ભાગમાં લેવામાં આવશે. (પ્રશ્નપત્રનું લેવલ શૈક્ષણિક લાયકાતને સમકક્ષ રહેશે).

### Part – A

| **ક્રમ** | **વિષય** | **ગુણ** |
|---|---|---|
| ૧ | તાર્કિક કસોટીઓ તથા Data Interpretation | ૩૦ |
| ૨ | ગાણિતિક કસોટીઓ | ૩૦ |
| 3 | ભારતનું બંધારણ, વર્તમાન પ્રવાહો, ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રિહેન્શન | ૩૦ |
| | કુલ ગુણ | ૯૦ |

### Part – B

| **ક્રમ** | **વિષય** | **ગુણ** |
|---|---|---|
| ૧ | સંબંધિત વિષય અને તેની ઉપયોગિતાને લગતા પ્રશ્નો | ૧૨૦ |

નોંધ : અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલી શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.

(૨) **Part-A** માં કુલ ૯૦ પ્રશ્નો અને **Part-B** માં કુલ ૧૨૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પૂછવામાં આવશે.

(૩) **Part-A** અને **Part-B** બંને માટે સંયુક્ત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ) નો સમય મળવાપાત્ર થશે.

(૪) **M.C.Q.** પદ્ધતિમાં ખોટા જવાબ આપવાના સંજોગોમાં પ્રશ્નને ફાળવેલ માર્કના ૧/૪ માર્ક ઉમેદવારે મેળવેલા ગુણમાંથી ઓછા કરવામાં આવશે એટલે કે નેગેટીવ માર્કીંગ પદ્ધતિ અપનાવવામાં આવશે.

(૫) પરીક્ષા પૂર્ણ થયેથી મંડળ દ્વારા પ્રોવિઝનલ આન્સર કી પ્રસિદ્ધ કરવામાં આવશે. પ્રોવિઝનલ આન્સર કી સંબંધે ઉમેદવાર દ્વારા મળેલ વાંધાસૂચનો ધ્યાને લઈ ફાઇનલ આન્સર કી પ્રસિદ્ધ કરવામાં આવશે.

(૬) ફાઇનલ આન્સર કી માં કોઇ કારણોસર પ્રશ્ન રદ કરવામાં આવે તો, તેવા સંજોગોમાં રદ થયેલ પ્રશ્નના ગુણની બાકી રહેલ પ્રશ્નના ગુણભારમાં પ્રો–રેટા (**Pro-Rata**) મુજબ ગણતરી કરવામાં આવશે.

(૭) ઉમેદવાર પ્રશ્નનો સાચો જવાબ આપશે તો તે પ્રશ્નને પ્રો–રેટા અનુસાર ફાળવેલ ગુણભાર મુજબ ગુણ આપવામાં આવશે, ખોટા જવાબ આપવાના સંજોગોમાં પ્રશ્નને પ્રો–રેટા મુજબ જે ગુણભાર આપવામાં આવેલ હોય તેના ૧/૪ માર્ક ઉમેદવારે મેળવેલા ગુણમાંથી ઓછા કરવામાં આવશે.

(૮) સદર સંવર્ગનો અભ્યાસક્રમ આ સાથે સામેલ રાખેલ છે, જે સંબંધિત ઉમેદવારોએ ધ્યાને લેવાનો રહેશે.**(Annexure-S)**

## ૨૦. પરીક્ષાનું આયોજન :–

(૧) પરીક્ષા માટે ઉમેદવારોની સંખ્યાને ધ્યાને લઈને મંડળ દ્વારા પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવે તે પરીક્ષા કેન્દ્રો પર ઉમેદવારે પરીક્ષા આપવાની રહેશે.
(૨) પરીક્ષાની તારીખ, પરીક્ષાના સમયની માહિતી તથા પ્રવેશપત્ર ડાઉનલોડ કરવા અંગેની સૂચના મંડળની વેબસાઇટ **https://gsssb.gujarat.gov.in** પર મૂકવામાં આવશે.
(૩) ઉમેદવારોએ ડાઉનલોડ કરેલ પ્રવેશપત્રમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો ખાતે સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

## ૨૧. દિવ્યાંગ ઉમેદવારોને લહિયા(Scribe)/વળતર સમય(Compensatory Time)ની સુવિધા આપવા બાબત :–

ભારત સરકારના **Ministry of Social Justice & Empowerment** ના **Department of Empowerment of persons with Disabilities(Divyangjan)** ના તા.૨૯/૦૮/૨૦૧૮ ના **Office Memorandum ક્રમાંક : F.No.34-02/2015-DD-III** મુજબ **The Rights of Persons with Disabilities Act, 2016** ની કલમ–૨(r) હેઠળ વ્યાખ્યાયિત કરાયેલ **Persons with Benchmark Disability** અને લેખન ક્ષમતાની મર્યાદા ધરાવનાર ઉમેદવારને જો તેઓ ઈચ્છતા હોય તો, જે તે શરતોને આધીન લહિયા/વળતર સમયની સુવિધા આપવામાં આવશે.

(૧) જાહેરાતની જોગવાઈ મુજબ જાહેરાતમાં અરજી કરવાને પાત્ર ગણેલ હોય તેવા **Benchmark Disability** ધરાવતા અથવા આકસ્મિક પરિસ્થિતિઓના કારણે હંગામી દિવ્યાંગતા ધરાવતા હોય

તેવા લખવા માટે અક્ષમ/લખવામાં તકલીફ હોય તેવા દિવ્યાંગ ઉમેદવારોને તેઓની રજુઆત પરત્વે લહિયા/વળતર સમયની સુવિધા આપવામાં આવશે.

(૨) દિવ્યાંગ ઉમેદવારોએ લહિયા/વળતર સમયની સુવિધા મેળવવા માટે મંડળ દ્વારા પ્રસિદ્ધ થયેલ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવા અંગેની સૂચના પ્રસિદ્ધ થયેથી પ્રવેશપત્ર ડાઉનલોડ કરી મંડળની વેબસાઈટ ઉપર **ઉમેદવાર ઉપયોગિતાઓ** ટેબ ઉપર **Click** કરી **દિવ્યાંગ ઉમેદવારો માટે** ના સેકશનમાં જઈ અથવા https://gsssb.gujarat.gov.in/Home/ph ઉપર **Click** કરી **લહિયા/ વળતર સમયની સુવિધા આપવા અંગેની સૂચનાઓ તથા નિયત નમુનાઓ** માં આપવામાં આવેલ લહિયા/વળતર સમયની સુવિધા માટેનું ફોર્મમાં જરૂરી વિગતો ભરી સૂચનામાં દર્શાવ્યા મુજબના જરૂરી પ્રમાણપત્રો સામેલ રાખી **અચૂકપણે પરીક્ષાના બે દિવસ અગાઉ સુધીમાં** મંડળના ઈમેઈલ : **so-kh1-gsssb@gujarat.gov.in** ઉપર મેઈલ કરવાના રહેશે. ત્યારબાદ મળેલ અરજીઓ પર કોઈપણ સંજોગોમાં વિચારણા કરવામાં આવશે નહીં.

(૩) સંબંધિત જાહેરાતની જોગવાઈ મુજબ જાહેરાતમાં અરજી કરવાને પાત્ર ગણેલ હોય તેવા **Blindness, Locomotor disability** (**Both arm affected-BA**) **Benchmark disability** (૪૦% થી ઓછી ન હોય ત્યાં સુધીની વિકલાંગતા) ધરાવતા, લખવા માટે અસમર્થ હોય તેવા ઉમેદવારોએ દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે પરંતુ લખવા માટે અસમર્થ હોવા અંગેનું તબીબી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે નહીં.

(૪) ઉપરોક્ત ૨૧(૩) માં દર્શાવેલ **Benchmark disability** સિવાયની અન્ય **Benchmark disability** ધરાવતા/ આકસ્મિક પરિસ્થિતિઓના કારણે હંગામી દિવ્યાંગતા ધરાવતા હોય તેવા લખવા માટે અક્ષમ/લખવામાં તકલીફ હોય તેવા ઉમેદવારોએ લહિયા/વળતર સમયની સુવિધા મેળવવા માટે દિવ્યાંગતા પ્રમાણપત્ર ઉપરાંત **Appendix-I** (**Certificate regarding physical limitation in an examinee to write**) મુજબનું ઉમેદવારને લખવામાં તકલીફ હોવા અંગેનું મુખ્ય તબીબી અધિકારી/સિવિલ સર્જન/મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ દ્વારા આપવામાં આવતું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૫) **વળતર સમય (Compensatory Time) :** ઉપરોક્ત ૨૧(૧) માં વ્યાખ્યાયિત કર્યા મુજબના બેન્ચમાર્ક ડીસએબીલીટી ધરાવતા અને લેખનક્ષમતાની મર્યાદા ધરાવનાર ઉમેદવારને પરીક્ષામાં પ્રતિ કલાક માટે ૨૦ મીનીટ 'વળતર સમય' મળવાપાત્ર છે.

(૬) ઉમેદવાર દ્વારા લહિયા/વળતર સમયની સુવિધા માટે કરવામાં આવેલ અરજીની ચકાસણી બાદ મંડળ દ્વારા લહિયા/વળતર સમયની સુવિધા આપવા અંગે નિર્ણય કરવામાં આવશે. મંડળ દ્વારા કરવામાં આવેલ નિર્ણયની જાણ ઉમેદવારને તેઓના ઈમેઈલ ઉપર કરવામાં આવશે તથા જે તે પરીક્ષા કેન્દ્ર સંચાલકને પણ જાણ કરવામાં આવશે.

(૭) ઉમેદવારે સ્પર્ધાત્મક પરીક્ષાના દિવસે જરૂરી પ્રમાણપત્રો અસલમાં તથા મંડળ દ્વારા આપવામાં આવેલ મંજૂરીનો પત્ર ખરાઈ અર્થે પરીક્ષા કેન્દ્ર સંચાલક અથવા મંડળ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ અધિકારી/કર્મચારીને રજૂ કરવાના રહેશે.

(૮) મંડળ દ્વારા લહિયા/વળતર સમયની સુવિધા માટે આપવામાં આવેલ મંજૂરી સ્પર્ધાત્મક પરીક્ષાના દિવસે ઉમેદવાર દ્વારા રજૂ કરેલ અસલ પ્રમાણપત્રોની પરીક્ષા કેન્દ્ર સંચાલક અથવા મંડળ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ અધિકારી/કર્મચારી દ્વારા કરવામાં આવનાર ખરાઈને આધીન રહેશે.

## ૨૨. પરિણામની પ્રસિદ્ધિ :-

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ અનુસાર **Part-A** અને **Part-B** નું સ્વતંત્ર (અલાયદું) ન્યુનતમ ગુણવત્તા ધોરણ (**Qualifying Standard**) રહેશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ તથા પત્રની જોગવાઈઓ અનુસાર સ્પર્ધાત્મક પરીક્ષાના **Part-A** માટે લઘુત્તમ ગુણવત્તા ધોરણ ૪૦% અને **Part-B** માટે લઘુત્તમ ગુણવત્તા ધોરણ ૪૦% રાખવામાં આવેલ છે. તેમાં તમામ કૅટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્ક્સ કરતાં ઓછું લઘુત્તમ ગુણવત્તા ધોરણ કોઈપણ સંજોગોમાં રહેશે નહીં.

(૩) ત્યારબાદ પરીક્ષામાં હાજર રહેલા તમામ ઉમેદવારોનું પ્રોવિઝનલ પરિણામ મંડળની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે.

## ૨૩. પસંદગી યાદી અને પ્રતિક્ષા યાદી તૈયાર કરવાની પદ્ધતિ :-

(૧) મંડળ દ્વારા પ્રોવિઝનલ પરિણામ પ્રસિદ્ધ કર્યા બાદ પરીક્ષાના **Part-A** અને **Part-B** માં ન્યુનતમ ગુણવત્તા ધોરણ (**Qualifying Standard**) જાળવીને કુલ ગુણના આધારે દિવ્યાંગતાના જુથ મુજબ ભરવાની થતી કૅટેગરી મુજબની જગ્યાના આશરે બે ગણા ઉમેદવારોને પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવવામાં આવશે.

(૨) પ્રોવિઝનલ મેરીટ યાદીના બે ગણા ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી બાદ પણ જાહેરાતમાં દર્શાવ્યા મુજબની કૅટેગરી મુજબ ભરવાની થતી જગ્યાઓના આધારે પસંદગીયાદી/પ્રતિક્ષાયાદી તૈયાર કરવા માટે જરૂરી સંખ્યાના ઉમેદવારો ન મળવાના સંજોગોમાં જરૂર મુજબના પ્રોવિઝનલ મેરીટ યાદી પરના ઉમેદવારોને પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવવામાં આવશે.

(૩) ત્યાર બાદ ઉમેદવારોએ મેળવેલા ગુણને ધ્યાને લઈને મેરીટ અનુસાર કૅટેગરી મુજબની જગ્યાઓ ધ્યાને લઈ પસંદગી યાદી પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૪) દિવ્યાંગ અનામતની ઘટની જગ્યા ભરવા માટેની ખાસ ભરતી ઝુંબેશ (**SPECIAL RECRUITMENT DRIVE**) હોઇ દિવ્યાંગ અનામતની જગ્યા ખાલી ન રહેવા પામે તે હેતુથી દિવ્યાંગ અનામતના જુથ (**A, B, C, D & E**) પ્રમાણે પ્રતિક્ષાયાદી બનાવવાની રહેતી હોઈ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭/૦૭/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક: પીએસસી/૧૦૮૯/૩૯૧૦ /ગ.૨ ની જોગવાઈઓ ધ્યાને લઈ ઉમેદવારોએ ઉકત સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલા ગુણના મેરીટસ આધારે કૅટેગરી મુજબ ભરવાની થતી જગ્યાની વિગતો ધ્યાને લઈ પસંદગી/પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

## ૨૪. નિમણૂક:-

(૧) આ જાહેરાત સંબંધમાં પસંદ થયેલા ઉમેદવારોની નિમણૂક માટે સરકારશ્રીના સંબંધિત વિભાગને મંડળ દ્વારા ભલામણ કરવામાં આવશે.

(૨) ઉમેદવારોને નિમણૂક માટે **Merit Number** ને ધ્યાનમાં રાખી વિચારણા કરવામાં આવશે. મંડળ દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક લેખિત કસોટીમાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂક માટેનો હક્ક મળી જતો નથી. નિમણૂક સમયે નિમણૂક સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણૂક આપવામાં આવશે.

(૩) પસંદગી પામેલા ઉમેદવાર, નિમણૂક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણૂક મેળવવાને પાત્ર થશે.

(૪) નિમણૂક પામેલા ઉમેદવારે સરકારના નિયમો મુજબની તાલીમ લેવી પડશે અને તાલીમ પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૫) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોઇ, આ અંગેનો કોઈ પત્રવ્યવહાર મંડળ દ્વારા ધ્યાને લેવામાં આવશે નહીં.

## ૨૫. અગત્યની સૂચનાઓ:–

(૧) ઉમેદવારે **Online** અરજીપત્રકમાં વિગતો ભરતાં સમયે જાતિ (કૅટેગરી) અંગે જે વિગત દર્શાવેલ હશે તે અરજીપત્રક **Confirm** થયેથી જાતિ (કૅટેગરી) માં પાછળથી ફેરફાર કરવાની કોઇ પણ વિનંતી ધ્યાને લેવામાં આવશે નહીં. આથી જો ઉમેદવારને અરજીપત્રકની કોઇ વિગતમાં ફેરફાર કરવો હોય તો તેઓએ અરજી કરવાની છેલ્લી તારીખ પહેલાં સાચી વિગત સાથે પુન: અરજી કરી **Confirmation Number** મેળવી તે **Confirmation Number** માટે નિયત ફી ભરવાની રહેશે.

(૨) ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલી વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ, પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે - તે તબક્કે ‘‘રદ’’ ગણવામાં આવશે.

(૩) ઉમેદવાર દ્વારા વિદેશની યુનિવર્સિટીની પદવી મેળવેલ હશે તો તેવી પદવી ભારતમાં માન્યતા/સમકક્ષતા ગણવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના જરૂરી આધાર/પૂરાવા રજુ કરવાના રહેશે. પ્રમાણપત્રોની ચકાસણીના કાર્યક્રમની સમયમર્યાદામાં આ અંગેના આધાર/પૂરાવા રજૂ કરવાની જવાબદારી સંબંધિત ઉમેદવારની રહેશે. આ બાબતે મંડળની કોઈ ફરજ રહેતી નથી અને સમયમર્યાદા બાદ આ અંગેની રજૂઆત પણ વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૪) ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો **upload** કરે છે, તેની પાસપોર્ટ સાઇઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત–સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજૂ કરવાની રહેશે.) ઉમેદવારે આવો ફોટો તાજેતરમાં જ પડાવેલો હોવો જરૂરી છે, જેથી ભરતી/નિમણૂકના વિવિધ તબક્કે ઓળખ પ્રસ્થાપિત કરવામાં કોઈ મુશ્કેલી ન અનુભવાય.

(૫) ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઇલ નંબર અને ઇ–મેલ આઇ.ડી. દર્શાવે છે તે નંબર અને ઇ–મેલ આઇ.ડી. ચાલુ જ રાખવાં. ભવિષ્યમાં મંડળ તરફથી આ પરીક્ષાને સંબંધિત પરીક્ષાલક્ષી કેટલીક સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલા નંબરના મોબાઇલ પર **SMS** થી મોકલવામાં આવશે. તેથી અરજીપત્રકમાં દર્શાવેલા મોબાઇલ નંબર, ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો, એ ઉમેદવારના હિતમાં છે.

(૬) મંડળ જે કોઈ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈ પણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, મંડળના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યાં હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્ત્વની માહિતી છુપાવતાં

હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈ પણ છાપેલા કે હસ્તલેખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈ પણ ગેરરીતિ આચરવા માટે (૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે (૯) પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂક કરવા માટે (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલાં તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથાપ્રસંગ, મદદગીરી કરવા માટે અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈ પણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત–(ક) મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ)(૧) મંડળ, સીધી પસંદગી માટે લેવાતી કોઈ પણ પરીક્ષામાં બેસવામાંથી અથવા (ખ)(૨) રાજ્ય સરકાર પોતાના હેઠળની કોઈ પણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદ્દત માટે બાકાત કરી શકશે. (૧૩) ગુજરાત જાહેર સેવા આયોગ, અન્ય ભરતી બોર્ડ, અન્ય સરકારી/ અર્ધ સરકારી/ સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલા હોય અને ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

(૭) ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈ પણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલી જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલૂમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી મંડળ દ્વારા 'રદ' કરી શકાશે તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમણૂક થયેલી હશે તો પસંદગી/નિમણૂક, મંડળ/નિમણૂક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈપણ તબકકે 'રદ' કરવામાં આવશે.

(૮) ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગ્યા ઉપર નિમણૂક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં, નિમણૂક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારુ ઉમેદવાર યોગ્ય જણાતો નથી, તો તેને પડતો મૂકી શકાશે. નિમણૂક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

(૯) ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો–૧૯૬૭ (વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલા ભરતી નિયમોને આધીન રહેશે.

(૧૦) ગુજરાત સરકાર દ્વારા જાહેર પરીક્ષામાં થતી ગેરરીતિ તથા પ્રશ્નપત્રો લીક થવા બાબતનો **Gujarat Public Examination (Prevention of Unfair Means) Act, 2023** અધિનિયમ, માર્ચ–૨૦૨૩ થી અમલી કર્યો છે. સરકાર દ્વારા ઉક્ત અધિનિયમમાં **'Examination Authority'** તરીકે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળનો પણ સમાવેશ કર્યો છે. આથી, મંડળ દ્વારા આયોજિત તમામ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાઓને જાહેર પરીક્ષાઓ તરીકે ગણવાની થતી હોવાથી, સદર

અધિનિયમ મંડળની પરીક્ષાઓમાં પણ લાગુ પડે છે. આથી, ઉક્ત તમામ જાહેરાતોની સ્પર્ધાત્મક લિખિત પરીક્ષામાં જો કોઈ પણ ઉમેદવાર **Gujarat Public Examination (Prevention of Unfair Means) Act, 2023**ની જોગવાઈઓનો ભંગ કરતો જણાઈ આવશે અને તેમાં કસૂરવાર સાબિત થશે તો તેની સામે સદર અધિનિયમમાં દર્શાવ્યા મુજબ, કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**૨૬.** આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈ પણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઊભી થાય તો તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલું રહેશે નહીં.

**તારીખ:-૨૦/૦૭/૨૦૨૬**
**સ્થળ:- ગાંધીનગર**

**સચિવ**
**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**

# Annexure-S

## DETAILED SYLLABUS OF EXAM

### PART: A (90 MARKS)

**(1) Reasoning & Data Interpretation:** **(30 Questions, 30 Marks)**

1. Coding-Decoding
2. Blood Relation
3. Problem on Age and Height
4. Direction Knowledge
5. Clock and Calendar
6. Venn Diagram
7. Rank and Position
8. Arithmetic Progression
9. Logical Sequence of Words
10. Insert the missing Character
11. Word, Numerical and General Analogy
12. Picture Based General Logical Questions (Visual reasoning)
13. Probability
14. Data Interpretation (charts, graphs, tables) and Data Sufficiency
15. Symmetry
16. Mathematical Operations
17. Mathematical modeling
18. Proofs in Mathematics
19. Logical and Mathematical Analytical Ability
20. Statement and Prediction

**(2) Quantitative Aptitude:** **(30 Questions, 30 Marks)**

1. Number System
2. LCM and HCF
3. Percentage and Partnership
4. Profit-Loss
5. Simple and Compound Interest
6. Ratio and Proportion
7. Time and Work, Wages and chain rule
8. Time, Speed and Distance
9. Average, Mean, Mode and Median
10. Brackets and Expansions
11. Square and Square Roots, Cube and Cube Roots, Exponents
12. Polynomials and Factorisation
13. Pair of Linear Equations in Two Variables and Quadratic Equations

| | |
|---|---|
| **14** | Area, Surface Area and Volume (Square, Rectangle, Triangle, Circle, Cube, Cuboid, Cylinder, Cone, Hemisphere, Sphere) |
| **15** | Coordinate Geometry and Trigonometry |

**(3)Constitution of India:** **(10 Questions, 10 Marks)**

| | |
|---|---|
| **1** | Concept of Political Science |
| **2** | Preamble of the Constitution |
| **3** | Fundamental values of Democracy, Nationalism and Secularism, Right and Citizenship |
| **4** | Indian Constitution Framing and Characteristics |
| **5** | Fundamental Rights, Duties and Directive Principles of State Policy |
| **6** | Legislature, Executive and Judiciary in India at Union and State Level |
| **7** | Government at Local Level: Institutions of Local Self-Government |
| **8** | Nature of Party System in India |
| **9** | Elections in India |
| **10** | Indian Democracy: Challenges and Response |
| **11** | Development and Democracy |

**(4) Current Affairs:** **(10 Questions, 10 Marks)**

1. Current events of state, national and international importance

**(5) Comprehension:** **(Gujarati {5 marks} & English {5 marks})**
**(10 Questions, 10 Marks)**

To assess comprehension, interpretation and inference skills,
A paragraph given with set of question on the basis of paragraph
Or statement and assertion type question can be asked

## PART: B (120 MARKS)

**Questions and Its Applications related to Technical Qualification**
**(120 Questions, 120 Marks)**

| SR. NO. | DETAIL OF TOPICS | MARKS |
|---|---|---|
| 1 | **Basic Mechanical Engineering**<br>**Basic Terminology and Energy:**<br>Prime movers and its types, Concept of Force, Pressure, Energy, Work, Power, System, Heat, Temperature, Specific heat capacity, Process, Cycle, Internal energy, Enthalpy, Statements of Zeroth law and First law. Applications of Energy sources like Fossil fuels, Nuclear fuels, Hydrogen fuel, Hydro, Solar, Wind, and Bio-fuels, Environmental issues like Global warming and Ozone depletion.<br>**Properties of gases:** Boyle's law, Charles's law, Gay-Lussac's law, Avogadro's law, Combined gas law, Gas constant, Relation between cp and cv, Various non-flow processes like constant volume process, constant pressure process, Isothermal process, Adiabatic process, Polytropic process. | 20 |

| | | |
|---|---|---|
| | **Properties of Steam:** Steam formation, Types of steam, Enthalpy, Specific volume, Internal energy and dryness fraction of steam, use of steam tables, steam calorimeters.<br>**Heat Engines:** Heat engine cycle and Heat engine, working substances, Classification of heat engines, Description and thermal efficiency of Carnot; Rankine; Otto cycle and Diesel cycles.<br>**Internal Combustion Engines:** Introduction, Classification, Engine details, four-stroke/ two-stroke cycle Petrol/Diesel engines, Indicated power, Brake Power, Efficiencies.<br>**Steam Boilers:** Introduction, Classification, Cochran, Lancashire and Babcock and Wilcox boiler, Functioning of different mountings and accessories.<br>**Air compressors and pumps:** Types and operation of Reciprocating and Rotary air compressors, significance of Multistage, Types and operation of Reciprocating, Rotary and Centrifugal pumps, Priming.<br>**Refrigeration & Air Conditioning:** Refrigerant, Vapor compression, refrigeration system, Vapor absorption refrigeration system, Domestic Refrigerator, Window and split air conditioners.<br>**Couplings, Clutches and Brakes**: Construction and applications of Couplings (Box; Flange; Pin type flexible; Universal and Oldham), Clutches (Disc and Centrifugal), and Brakes (Block; Shoe; Band and Disc)<br>**Transmission of Motion and Power**: Shaft and axle, Different arrangement and applications of Belt drive; Chain drive; Friction drive and Gear drive.<br>**Engineering Materials**: Types, properties and applications of Ferrous & Nonferrous metals, Timber, Abrasive material, silica, ceramics, glass, graphite, diamond, plastic and polymer. | |
| **2** | **Basic Electrical Engineering**<br>**DC Circuits:** Electrical circuit elements (R, L and C), voltage and current independent sources, Kirchoff's current and voltage laws, analysis of simple circuits with DC excitation, Superposition, Thevenin and Norton Theorems, Star-delta/Delta-Star conversion, Time-domain analysis of first-order RL and RC circuits.<br>**AC Circuits :** Representation of sinusoidal waveforms, peak, RMS and average values of different signals, form factor and peak factor, Phasor representation of AC quantities, real power, reactive power, apparent power, power factor.<br>Analysis of single-phase ac circuits consisting of R, L, C, RL, RC, RLC combinations (series and parallel), Series and parallel resonances, Three phase balanced circuits, voltage and current relations in star and delta connections, Power measurement in three phase balanced circuits.<br>**Magnetic Circuits & Transformers:** Magnetic effect of electrical current, cross and dot convention, right hand thumb rule and cork screw rule, Concepts of m.m.f, flux, flux density, reluctance, permeability and field strength, Analogy between electric and magnetic circuits, Magnetic Circuits, B-H Curve, Hysteresis Loop. Hysteresis and Eddy current losses, Construction and working principle of single-phase transformers: | **20** |

| | | |
|---|---|---|
| | Construction, principle of working, voltage and current ratios, losses, definition of regulation and efficiency, Ideal and practical transformer.<br>**Fundamentals of Electrical Machines :** Generation of rotating magnetic fields, Construction and working of Single-phase induction motors (Split phase, Capacitor start, Permanent split capacitor, Capacitor start/capacitor run).<br>Single phase induction motor applications: pumps, refrigerators, fans, compressors, and portable drills.<br>Construction and working of brushless DC motors and its application: Electrical Vehicle, washing machines, Blowers, Computers/Laptops<br>**Electrical Wiring and Installations:** Components of LT Switchgear: Switch Fuse Unit (SFU), MCB, ELCB, MCCB.<br>Types of lamps, fixtures & reflectors, illumination schemes for domestic, industrial & commercial premises, Lumen requirements for different categories.<br>Earthing-Types of earthing and its importance. Safety precautions for electrical appliances.<br>Types of Batteries, Characteristics of Batteries (Voltage, storage capacity, discharge curve, cycle life).<br>Elementary calculations for energy consumption of home appliances and electricity bill.<br>Basic electrical measurements with Ammeter, Voltmeter, Wattmeter and Energy meter (working principle and circuit connection). | |
| **3** | **Basic Electronics Engineering**<br>**Semiconductor Diodes**: p-n junction diode, Characteristics and parameters, Diode approximations, DC load line analysis, Temperature effects, Diode AC models, Diode specifications, Diode testing, Zener diodes.<br>**Diode Applications**: Half-wave and Full-wave rectifiers, Power supply, RC and LC power supply filters, Zener diode voltage regulators, Series and shunt clipping circuits, Clamping circuits, DC voltage multipliers.<br>**Bipolar Junction Transistors:** BJT operation, BJT voltages and currents, BJT amplification, BJT switching, CB, CE and CC characteristics, Transistor testing.<br>**BJT biasing**: DC load line and bias point, Base bias, Collector-to-base bias, Voltage- divider bias, Comparison of basic bias circuits, Bias circuit design.<br>**AC analysis of BJT circuits**: Coupling and bypass capacitors, AC load lines, transistor models and parameters, CE circuit analysis, CE circuit with and bypassed emitter resistor, CC circuit analysis, CB circuit analysis, Comparison of CE, CB and CC circuits.<br>**Field Effect Transistors**: Junction Field Effect Transistors, JFET characteristics, JFET data sheets and parameters, FET amplification and switching, MOSFETs.<br>**FET biasing:** DC load line and bias point, Gate bias, Self bias, Voltage divider bias, Comparison of basic JFET bias circuits. | **20** |

| | | |
|---|---|---|
| | **Special Purpose Diodes**: Light Emitting Diode (LED), Photo diode, Solar cell, PIN diode, Varactor diode, Schottky diode, Tunnel diode, seven segment display. | |
| **4** | **Basic Computer Engineering**<br>**Basics of Computer and internet :**<br>● **Introduction to a Computer** Generations of Computer, Operating system concepts, purpose and functions Operations of OS<br>● **Introduction to internet**<br>Basic Internet Terminologies: Browser, Webpage, Website, URL, WWW, Introduction to Email<br>● Gmail: Create an account; Adding Contacts; Composing an Email; Creating and Managing Labels, Filters and Signature,<br>● Google Drive: Create a folder, Upload and Download Files/folders, Sharing Files/Folders, Forms: Create a Form; Validate a Form; Share a Form; Managing Response<br>**Microsoft office tools -** Word, Excel, Power point<br>**MS Word:**<br>● Functions and features of Word processor, Text Basics: Typing the text, Alignment of text, Editing Text: Cut, Copy, Paste, Select All, Clear, Find & Replace<br>● Text Formatting and saving file: New, Open, Close, Save, Save As, Formatting Text: Font Size, Font Style, Font Color, Use the Bold, Italic, and Underline, Change the Text Case, Line spacing, Paragraph spacing, Shading text and paragraph, Working with Tabs and Indents<br>● Table and its options, Inserting rows or columns, merging and splitting cells, Arithmetic Calculations in a Table.<br>● Working with pictures, Inserting Pictures from Files.<br>● Mail Merge<br>**MS Excel:**<br>● Introduction to Excel interface, understanding rows and columns, Naming Cells, working with excel workbook and sheets<br>● Perform Calculations with Functions: Creating Simple Formulas, Setting up your own formula, Date and Time Functions - date, today, now, date, dif, Logical Functions -and, or, xor, not, if, Lookup and Reference Functions- Vlookup, Mathematical Functions - sum, sumif, rand, round, floor, ceiling, Statistical Functions - min, max, average, small, large, count, countif, counta, Text Functions - text, concatenate, trim,value,upper,lower,exact.<br>● Sort and Filter Data with Excel: Sort and filtering data, using number filter, Text filter, Custom filtering, Removing filters from columns, Conditional formatting<br>● Create Effective pie and bar Charts to Present Data Visually<br>● Pivot table<br>**MS Power point:**<br>● Introduction to PowerPoint interface, Creating slides and applying themes: Inserting new slide, changing layout of slides, duplicating slides, Copying and pasting slide, applying themes to the slide layout, changing | **20** |

| | | |
|---|---|---|
| | theme color, Slide background, Formatting slide background, Using slide views<br>● Using slide Master: Using slide master, inserting layout option, creating custom layout, Inserting placeholders, Formatting placeholders<br>● Slide show option: Start slide show, Start shows from the current slide, rehearse timing, Creating custom slide show | |
| **5** | **Industries Policy**<br>Atmanirbhar Gujarat Scheme 2022* (MSME, Large, Mega)<br>Gujarat Textile Policy 2024*<br>The micro and Small and Medium Enterprises Development Act, 2006, MSMED ACT-2006 and its amendments,<br>Purchase Policy 2024*,<br>Startup Policy of Gujarat, EODB<br>(*As Per Existing Policy) | **40** |

## વિગતવાર અભ્યાસક્રમ : ગુજરાતીમાં

**ભાગ–અ** (૯૦ ગુણ)

**(૧) તાર્કિક કસોટીઓ તથા ડેટા ઇન્ટરપ્રિટેશન (૩૦ પ્રશ્નો, ૩૦ ગુણ)**

૧. કોડિંગ–ડિકોડિંગ
૨. લોહીનો સંબંધ
૩. ઊંમર અને ઊંચાઇ સંબંધિત પ્રશ્નો
૪. દિશા જ્ઞાન
૫. ઘડીયાળ અને કેલેન્ડર
૬. વેન ડાયાગ્રામ
૭. ક્રમ અને સ્થાન
૮. સમાંતર શ્રેણી
૯. શબ્દોની તાર્કિક ગોઠવણી
૧૦. ખૂટતી કડી (સંખ્યા) શોધો
૧૧. શબ્દ, આંકડાકીય તથા સામાન્ય સામ્યતા
૧૨. ચિત્ર આધારિત સામાન્ય તાર્કિક પ્રશ્નો
૧૩. સંભાવના
૧૪. માહિતીનું અર્થઘટન અને માહિતીની પર્યાપ્તતા (ચાર્ટ, ગ્રાફ અને ટેબલ)
૧૫. સંમિતિ
૧૬. ગાણિતિક ક્રિયાઓ
૧૭. ગાણિતિક મોડેલીંગ
૧૮. ગણિતમાં સાબિતીઓ
૧૯. તાર્કિક અને ગાણિતિક વિશ્લેષણાત્મક ક્ષમતા
૨૦. નિવેદન અને અનુમાન

**(૨) ગાણિતિક કસોટીઓ (૩૦ પ્રશ્નો, ૩૦ ગુણ)**

૧. સંખ્યા પદ્ધતિ

૨. લ.સા.અ. અને ગુ.સા.અ.
૩. ટકાવારી અને ભાગીદારી
૪. નફો–ખોટ
૫. સાદુ અને ચક્રવૃદ્ધિ વ્યાજ
૬. ગુણોત્તર અને પ્રમાણ
૭. સમય અને કાર્ય, વેતન અને સાંકળનો નિયમ
૮. સમય, ઝડપ અને અંતર
૯. મધ્યક, મધ્યસ્થ અને બહુલક
૧૦. કૌંસ અને વિસ્તરણ
૧૧. વર્ગ અને વર્ગમૂળ, ઘન અને ઘનમૂળ, ઘાત અને ઘાતાંક
૧૨. બહુપદીઓ અને અવયવીકરણ
૧૩. દ્વીચલ સુરેખ સમીકરણ અને દ્વિઘાત સમીકરણ
૧૪. ક્ષેત્રફળ, પૃષ્ઠફળ અને ઘનફળ (ચોરસ, લંબચોરસ, ત્રિકોણ, વર્તુળ, ઘન, લંબઘન, નળાકાર, શંકુ, અર્ધગોલક, ગોલક)
૧૫. યામભૂમિતિ અને ત્રિકોણમિતિ

**(૩) ભારતનું બંધારણ (૧૦ પ્રશ્નો, ૧૦ ગુણ)**

૧. રાજ્યશાસ્ત્રનો ખ્યાલ
૨. બંધારણનું આમુખ
૩. લોકશાહીના પાયાનાં મૂલ્યો, રાષ્ટ્રવાદ અને બિનસાંપ્રદાયિકતા, હક અને નાગરિકતા
૪. ભારતીય બંધારણ : ઘડતર અને લક્ષણો
૫. મૂળભૂત હકો, ફરજો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો
૬. ભારતમાં કેન્દ્ર અને રાજ્યકક્ષાએ ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર
૭. સ્થાનિકકક્ષાએ સરકાર : સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ
૮. ભારતમાં પક્ષપ્રથાનું સ્વરૂપ
૯. ભારતમાં ચૂંટણીઓ
૧૦. ભારતીય લોકશાહી સામેના પડકારો અને પ્રતિભાવો
૧૧. વિકાસ અને લોકશાહી

**(૪) વર્તમાન પ્રવાહો (૧૦ પ્રશ્નો, ૧૦ ગુણ)**

૧. પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની મહત્ત્વની સાંપ્રત ઘટનાઓ

**(૫) ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રીહેન્સન (ગુજરાતી{૫ ગુણ} અને અંગ્રેજી {૫ ગુણ})**

**(૧૦ પ્રશ્નો, ૧૦ ગુણ)**

૧. સમીક્ષા, અર્થઘટન અને અનુમાનના કૌશલ્યનું મૂલ્યાંકન

ગદ્યખંડ(પૅરેગ્રાફ) આપવામાં આવશે અને ગદ્યખંડના આધારે પ્રશ્નો પૂછવામાં આવશે અથવા નિવેદન પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવશે.

**ભાગ–બ** **(૧૨૦ ગુણ)**

**શૈક્ષણિક લાયકાતને સંબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો** **(૧૨૦ પ્રશ્નો, ૧૨૦ ગુણ)**

| ક્રમ | વિષયોની વિગત | ગુણભાર |
|---|---|---|
| ૧ | **બેઝિક મિકેનિકલ એન્જિનિયરિંગ**<br>**બેઝિક ટર્મિનોલોજી અને ઊર્જા:** પ્રાઇમ મુવર્સ અને તેના પ્રકારો, બળ, દબાણ, ઊર્જા, કાર્ય, શક્તિ, સિસ્ટમ, ગરમી, તાપમાન, વિશિષ્ટ ઉષ્મા ક્ષમતા, પ્રક્રિયા, ચક્ર, આંતરિક ઊર્જા, એન્થાલ્પી, શૂન્ય નિયમ અને પ્રથમ નિયમનાં વિધાનો.<br>અશ્મિભૂત ઇંધણ, ન્યુક્લિયર ઇંધણ, હાઇડ્રોજન ઇંધણ, હાઇડ્રો, સોલર, વિન્ડ (પવન), અને બાયો–ફ્યુઅલ્સ જેવા ઊર્જા સ્રોતોના ઉપયોગો. ગ્લોબલ વોર્મિંગ અને ઓઝોન અવક્ષય જેવી પર્યાવરણીય સમસ્યાઓ.<br>**વાયુઓના ગુણધર્મો (Properties of gases):** બોઇલનો નિયમ, ચાર્લ્સનો નિયમ, ગે–લ્યુસેકનો નિયમ, એવોગાડ્રોનો નિયમ, સંયુક્ત વાયુ નિયમ, ગેસ કોન્સ્ટન્ટ (વાયુ અચળાંક), ep અને ev વચ્ચેનો સંબંધ. વિવિધ નોન–ફ્લો પ્રક્રિયાઓ જેવી કે અચળ કદ પ્રક્રિયા, અચળ દબાણ પ્રક્રિયા, આઇસોથર્મલ પ્રક્રિયા, એડિયાબેટિક પ્રક્રિયા, પોલિટ્રોપિક પ્રક્રિયા.<br>**વરાળના ગુણધર્મો (Properties of Steam):** વરાળની રચના, વરાળના પ્રકારો, એન્થાલ્પી, વિશિષ્ટ કદ, વરાળની આંતરિક ઊર્જા અને ડ્રાયનેસ ફ્રેક્શન (શુષ્કતા ગુણોત્તર), સ્ટીમ ટેબલ્સનો ઉપયોગ, સ્ટીમ કેલરીમીટર.<br>**હીટ એન્જિન:** હીટ એન્જિન સાયકલ અને હીટ એન્જિન, કાર્યકારી પદાર્થો, હીટ એન્જિનોનું વર્ગીકરણ. કાર્નોટ; રેન્કિન; ઓટો સાયકલ અને ડીઝલ સાયકલ્સનું વર્ણન અને થર્મલ કાર્યક્ષમતા.<br>**આંતરિક દહન એન્જિનો:** પ્રસ્તાવના, વર્ગીકરણ, એન્જિનની વિગતો, ફોર–સ્ટ્રોક/ટુ–સ્ટ્રોક સાયકલ પેટ્રોલ/ડીઝલ એન્જિન, ઇન્ડિકેટેડ પાવર, બ્રેક પાવર, કાર્યક્ષમતાઓ.<br>**સ્ટીમ બોઈલર્સ (Steam Boilers):** પ્રસ્તાવના, વર્ગીકરણ, કોચરાન, લેન્કેશાયર અને બેબકોક એન્ડ વિલ્કોક્સ બોઈલર, વિવિધ માઉન્ટિંગ્સ અને એસેસરીઝની કામગીરી.<br>**એર કોમ્પ્રેસર્સ અને પંપ:** રેસિપ્રોકેટિંગ અને રોટરી એર કોમ્પ્રેસર્સના પ્રકારો અને કામગીરી, મલ્ટિસ્ટેજ (Multistage) નું મહત્ત્વ, રેસિપ્રોકેટિંગ, રોટરી અને સેન્ટ્રિફ્યુગલ પંપના પ્રકારો અને કામગીરી, પ્રાઇમિંગ.<br>**રેફ્રિજરેશન અને એર કંડિશનિંગ (Refrigeration & Air Conditioning):**<br>રેફ્રિજરન્ટ, વેપર કમ્પ્રેશન રેફ્રિજરેશન સિસ્ટમ, વેપર એબ્સોર્પ્શન રેફ્રિજરેશન સિસ્ટમ, ઘરેલુ રેફ્રિજરેટર, વિન્ડો અને સ્પ્લિટ એર કંડિશનર્સ.<br>**કપલિંગ્સ, કલચીઝ અને બ્રેક્સ;**<br>કપલિંગ્સ (બોક્સ, ફ્લેંજ ; પિન ટાઇપ ફ્લેક્સિબલ; યુનિવર્સલ અને ઓલ્ડહામ, કલચીસ (ડિસ્ક–Disc) અને સેન્ટ્રિગલ (Centrifugal)], અને બ્રેક્સ (બ્લોક–Block); શૂ (Shoe); બેન્ડ (Band) અને ડિસ્ક (Disc)] ની રચના અને ઉપયોગો. | ૨૦ |

| | | |
|---|---|---|
| | **ગતિ અને શક્તિનું પ્રસારણ (Transmission of Motion and Power):** શાફ્ટ અને એક્સલ, બેલ્ટ ડ્રાઇવ; ચેઇન ડ્રાઇવ (Chain drive); ફ્રિક્શન ડ્રાઇવ અને ગિયર ડ્રાઇવની વિવિધ ગોઠવણ અને ઉપયોગો.<br>**એન્જિનિયરિંગ મટિરિયલ્સ:** લોહ અને બિનલોહ-ફેરસ અને નોન–ફેરસ ધાતુઓ, લાકડું, ઘર્ષક સામગ્રી, સિલિકા, સિરામિક્સ, કાચ, ગ્રેફાઇટ, હીરા, પ્લાસ્ટિક અને પોલીમરના પ્રકારો, ગુણધર્મો અને ઉપયોગો. | |
| ૨ | **બેઝિક ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ**<br>**ડીસી સર્કિટ્સ (DC Circuits):** ઇલેક્ટ્રિકલ સર્કિટના ઘટકો (R, L અને C), વોલ્ટેજ અને કરંટના સ્વતંત્ર સ્રોતો, કિર્ચોફના કરંટ અને વોલ્ટેજના નિયમો. ડીસી ઉત્તેજન (DC excitation) સાથે સાદી સર્કિટનું વિશ્લેષણ, સુપરપોઝિશન, થેવેનિન અને નોર્ટનના પ્રમેયો, સ્ટાર–ડેલ્ટા/ડેલ્ટા–સ્ટાર રૂપાંતરણ, ફર્સ્ટ–ઓર્ડર RL અને RC સર્કિટનું ટાઇમ–ડોમેન વિશ્લેષણ.<br>**એસી સર્કિટ્સ (AC Circuits):** સાઇન્યુસોઇડલ વેવફોર્મ્સનું પ્રતિનિધિત્વ, વિવિધ સિગ્નલોના પીક (Peak), RMS અને સરેરાશ મૂલ્યો, ફોર્મ ફેક્ટર અને પીક ફેક્ટર, AC જથ્થાઓનું ફેઝર પ્રતિનિધિત્વ, રીઅલ પાવર, રિએક્ટિવ પાવર, એપેરન્ટ પાવર, પાવર ફેક્ટર.<br>R, L, C, RL, RC, RLC સંયોજનો (શ્રેણી અને સમાંતર) ધરાવતી સિંગલ–ફેઝ એસી સર્કિટનું વિશ્લેષણ, શ્રેણી અને સમાંતર રેઝોનન્સ. થ્રી ફેઝ બેલેન્સ્ડ સર્કિટ, સ્ટાર અને ડેલ્ટા કનેક્શનમાં વોલ્ટેજ અને કરંટના સંબંધો, થ્રી ફેઝ બેલેન્સ્ડ સર્કિટમાં પાવર માપન.<br>**મેગ્નેટિક સર્કિટ્સ અને ટ્રાન્સફોર્મર્સ:** વિદ્યુત પ્રવાહની ચુંબકીય અસર, ક્રોસ અને ડોટ કન્વેન્શન, જમણા હાથના અંગૂઠાનો નિયમ અને કોર્ક સ્ક્રુનો નિયમ.<br>m.m.f, ફ્લક્સ, ફ્લક્સ ડેન્સિટી, રિલક્ટન્સ, પરમીએબિલિટી અને ફિલ્ડ સ્ટ્રેન્થ (ક્ષેત્ર પ્રબળતા)ની વિભાવનાઓ, ઇલેક્ટ્રિકલ અને મેગ્નેટિક સર્કિટ વચ્ચેની સમાનતા (Analogy), મેગ્નેટિક સર્કિટ્સ, B-H કર્વ, હિસ્ટ્રેસિસ લૂપ, હિસ્ટ્રેસિસ અને એડી કરંટ લોસ (નુકસાન). સિંગલ–ફેઝ ટ્રાન્સફોર્મર્સની રચના અને કાર્યકારી સિદ્ધાંત: રચના, કાર્યનો સિદ્ધાંત, વોલ્ટેજ અને કરંટ રેશિયો (ગુણોત્તર), નુકસાન (losses), રેગ્યુલેશન અને કાર્યક્ષમતાની વ્યાખ્યા, આદર્શ અને વ્યવહારુ ટ્રાન્સફોર્મર.<br>**ઇલેક્ટ્રિકલ મશીનોના મૂળભૂત સિદ્ધાંતો:** રોટેટિંગ મેગ્નેટિક ફિલ્ડ્સનું જનરેશન, સિંગલ–ફેઝ ઇન્ડક્શન મોટર્સની રચના અને કાર્ય (સ્પ્લિટ ફેઝ, કેપેસિટર સ્ટાર્ટ, પરમેનન્ટ સ્પ્લિટ કેપેસિટર, કેપેસિટર સ્ટાર્ટ/કેપેસિટર રન).<br>સિંગલ ફેઝ ઇન્ડક્શન મોટરના ઉપયોગો: પંપ, રેફ્રિજરેટર, પંખા, કોમ્પ્રેસર્સ અને પોર્ટેબલ ડ્રિલ.<br>બ્રશલેસ ડીસી (BLDC) મોટર્સની રચના અને કાર્ય અને તેના ઉપયોગો: ઇલેક્ટ્રિકલ વ્હીકલ (EV), વોશિંગ મશીન, બ્લોઅર્સ, કમ્પ્યુટર/લેપટોપ.<br>**ઇલેક્ટ્રિકલ વાયરિંગ અને ઇન્સ્ટોલેશન્સ:** એલટી સ્વીચગિયર (LT Switchgear) ના ઘટકો: સ્વીચ ફ્યુઝ યુનિટ (SFU), MCB, ELCB, MCCB. | ૨૦ |

| | | |
|---|---|---|
| | લેમ્પ, ફિક્સર અને રિફ્લેક્ટરના પ્રકારો, ઘરેલુ, ઔદ્યોગિક અને વ્યાપારી જગ્યાઓ માટે ઇલ્યુમિનેશન (પ્રકાશ) યોજનાઓ, વિવિધ શ્રેણીઓ માટે લ્યુમેનની જરૂરિયાતો.<br>અર્થિંગ – અર્થિંગના પ્રકારો અને તેનું મહત્ત્વ.<br>ઇલેક્ટ્રિકલ ઉપકરણો માટે સલામતીની સાવચેતીઓ.<br>બેટરીના પ્રકારો, લાક્ષણિકતાઓ (વોલ્ટેજ, સ્ટૉરેજ કેપેસિટી, ડિસ્ચાર્જ કર્વ, સાયકલ લાઇફ).<br>ઘરેલુ ઉપકરણોના ઊર્જા વપરાશ અને વીજળીના બિલ માટેની પ્રારંભિક ગણતરીઓ. એમીટર, વોલ્ટમીટર, વોટમીટર અને એનર્જી મીટર સાથેના મૂળભૂત ઇલેક્ટ્રિકલ માપનો (કાર્યકારી સિદ્ધાંત અને સર્કિટ કનેક્શન). | |
| ૩ | **બેઝિક ઇલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગ**<br>**સેમિકન્ડક્ટર ડાયોડ્સ:**<br>p-n જંક્શન ડાયોડ, લાક્ષણિકતાઓ અને પરિમાણો, ડાયોડ એપ્રોક્સિમેશન્સ, ડીસી લોડ લાઇન વિશ્લેષણ, તાપમાનની અસરો, ડાયોડ એસી મોડલ્સ, ડાયોડ સ્પેસિફિકેશન્સ, ડાયોડ ટેસ્ટિંગ, ઝીનર ડાયોડ્સ.<br>**ડાયોડના ઉપયોગો (Diode Applications):**<br>હાફ–વેવ અને ફૂલ–વેવ રેક્ટિફાયર્સ, પાવર સપ્લાય, RC અને LC પાવર સપ્લાય ફિલ્ટર્સ, ઝીનર ડાયોડ વોલ્ટેજ રેગ્યુલેટર્સ, સિરીઝ અને શન્ટ ક્લિપિંગ સર્કિટ્સ, ક્લેમ્પિંગ સર્કિટ્સ, ડીસી વોલ્ટેજ મલ્ટિપ્લાયર્સ.<br>**બાયપોલર જંક્શન ટ્રાન્ઝિસ્ટર (Bipolar Junction Transistors):** BJT ઓપરેશન, BJT વોલ્ટેજ અને કરંટ, BJT એમ્પ્લિકેશન, BJT સ્વિચિંગ, CB, CE અને CC લાક્ષણિકતાઓ, ટ્રાન્ઝિસ્ટર ટેસ્ટિંગ.<br>**BJT બાયસિંગ:**<br>ડીસી લોડ લાઇન અને બાયસ પોઇન્ટ, બેઝ બાયસ, કલેક્ટર–ટુ–બેઝ બાયસ, વોલ્ટેજ–ડિવાઇડર બાયસ, મૂળભૂત બાયસ સર્કિટની સરખામણી, બાયસ સર્કિટ ડિઝાઇન.<br>**BJT સર્કિટનું AC વિશ્લેષણ:** કપલિંગ અને બાયપાસ કેપેસિટર્સ, AC લોડ લાઇન્સ, ટ્રાન્ઝિસ્ટર મોડેલ્સ અને પરિમાણો, CE સર્કિટ વિશ્લેષણ, બાયપાસ કરેલા અને બાયપાસ વગરના એમિટર રેઝિસ્ટર સાથે CE સર્કિટ, CC સર્કિટ વિશ્લેષણ, CB સર્કિટ વિશ્લેષણ, CE, CB અને CC સર્કિટની સરખામણી.<br>**ફિલ્ડ ઇફેક્ટ ટ્રાન્ઝિસ્ટર (Field Effect Transistors):** જંક્શન ફિલ્ડ ઇફેક્ટ ટ્રાન્ઝિસ્ટર, JFET લાક્ષણિકતાઓ, JFET ડેટા શીટ્સ અને પેરામીટર્સ, FET એમ્પ્લિફિકેશન અને સ્વિચિંગ, MOSFETs.<br>**FET બાયસિંગ:** ડીસી લોડ લાઇન અને બાયસ પોઇન્ટ, ગેટ બાયસ, સેલ્ફ બાયસ, વોલ્ટેજ ડિવાઇડર બાયસ, મૂળભૂત JFET બાયસ સર્કિટની સરખામણી.<br>**વિશેષ હેતુના ડાયોડ્સ (Special Purpose Diodes):**<br>લાઇટ એમિટિંગ ડાયોડ (LED), ફોટો ડાયોડ, સોલર સેલ, PIN ડાયોડ, વેરએક્ટર ડાયોડ, શૉટકી (Schottky) ડાયોડ, ટનલ ડાયોડ, સેવન સેગમેન્ટ ડિસ્પ્લે. | ૨૦ |

| | | |
|---|---|---|
| ૪ | **બેઝિક કમ્પ્યુટર એન્જિનિયરિંગ**<br>**કમ્પ્યુટર અને ઇન્ટરનેટની મૂળભૂત બાબતો:**<br>કમ્પ્યુટરનો પરિચય,<br>કમ્પ્યુટરની પેઢીઓ, ઓપરેટિંગ સિસ્ટમની વિભાવનાઓ, હેતુ અને કાર્યો, OS (ઓપરેટિંગ સિસ્ટમ)ની કામગીરી.<br>**ઇન્ટરનેટનો પરિચય:** મૂળભૂત ઇન્ટરનેટ શબ્દાવલિ (Terminologies): બ્રાઉઝર, વેબપેજ, વેબસાઇટ, URL, WWW, ઇમેઇલનો પરિચય.<br>• **જીમેઇલ :** એકાઉન્ટ બનાવવું (Create an account); સંપર્કો ઉમેરવા; ઇમેઇલ કંપોઝ કરવો; લેબલ્સ, ફિલ્ટર્સ અને સિગ્નેચર (સહી) બનાવવાં અને તેનું સંચાલન કરવું.<br>• **ગૂગલ ડ્રાઇવ :** ફોલ્ડર બનાવવું, ફાઇલો/ફોલ્ડર્સ અપલોડ અને ડાઉનલોડ કરવા, ફાઇલો/ફોલ્ડર્સ શેર કરવાં. ફોર્મ બનાવવું; ફોર્મ વેલિડેટ (માન્ય) કરવું; ફોર્મ શેર કરવું; પ્રતિભાવોનું સંચાલન કરવું.<br>**માઇક્રોસોફ્ટ ઓફિસ ટૂલ્સ – વર્ડ, એક્સેલ, પાવર પોઇન્ટ:**<br>**એમએસ વર્ડ (MS Word):**<br>• વર્ડ પ્રોસેસરનાં કાર્યો અને સુવિધાઓ, ટેક્સ્ટ બેઝિક્સ: ટેક્સ્ટ ટાઇપ કરવું, ટેક્સ્ટનું અલાઇનમેન્ટ (ગોઠવણી), ટેક્સ્ટ એડિટિંગ: કટ, કોપી, પેસ્ટ, સિલેક્ટ ઓલ, ક્લિયર, ફાઇન્ડ અને રિપ્લેસ.<br>• ટેક્સ્ટ ફોર્મેટિંગ અને ફાઇલ સેવ કરવી: ન્યુ, ઓપન, ક્લોઝ, સેવ, સેવ એઝ. ટેક્સ્ટ ફોર્મેટિંગ: ફોન્ટ સાઇઝ, ફોન્ટ સ્ટાઇલ, ફોન્ટ કલર, બોલ્ડ, ઇટાલિક અને અન્ડરલાઇનનો ઉપયોગ, ટેક્સ્ટ અને પૅરેગ્રાફ કેસ બદલવો, લાઇન સ્પેસિંગ, પૅરેગ્રાફ સ્પેસિંગ, ટેક્સ્ટ અને પૅરેગ્રાફ શેડિંગ, ટૅબ્સ અને ઇન્ડેન્ટ્સ સાથે કામ કરવું.<br>• ટેબલ અને તેના વિકલ્પો, રો (હરોળ) અથવા કોલમ (સ્તંભ) દાખલ કરવા, સેલ્સ મર્જ અને સ્પ્લિટ કરવા, ટેબલમાં અંકગણિત ગણતરીઓ.<br>• ચિત્રો સાથે કામ કરવું, ફાઇલોમાંથી ચિત્રો દાખલ કરવાં,<br>• મેઇલ મર્જ.<br>**એમએસ એક્સેલ (MS Excel):**<br>• એક્સેલ ઇન્ટરફેસનો પરિચય, રો અને કોલમ સમજવા, સેલ્સનું નામકરણ , એક્સેલ વર્કબુક અને શીટ્સ સાથે કામ કરવું.<br>• ફંક્શન્સ સાથે ગણતરીઓ કરવી: સરળ ફોર્મ્યુલા બનાવવા, તમારી પોતાની ફોર્મ્યુલા સેટ કરવી, ડેટ અને ટાઇમ ફંક્શન્સ – date, today, now, date, dif, લોજિકલ ફંક્શન્સ – and, or, xor, not, if, લુકઅપ અને રેફરન્સ ફંક્શન્સ – Vlookup. મેથેમેટિકલ ફંક્શન્સ – sum, sumif, rand, round, floor, ceiling, સ્ટેટિસ્ટિકલ (આંકડાકીય) ફંક્શન્સ – min, max, average, small, large, count, countif, counta, ટેક્સ્ટ ફંક્શન્સ – text, concatenate, trim, value, upper, lower, exact.<br>• એક્સેલ સાથે ડેટા સોર્ટ અને ફિલ્ટર કરવો: ડેટા સોર્ટ અને ફિલ્ટરિંગ, નંબર ફિલ્ટરનો ઉપયોગ, ટેક્સ્ટ ફિલ્ટર, કસ્ટમ ફિલ્ટરિંગ, કોલમમાંથી ફિલ્ટર્સ દૂર કરવા, કન્ડિશનલ ફોર્મેટિંગ (Conditional formatting).<br>• ડેટાને વિઝ્યુઅલી (દશ્યમાન રીતે) રજૂ કરવા માટે અસરકારક પિક (pie/pic) અને બાર ચાર્ટ બનાવવા, પિવોટ ટેબલ (Pivot table). | ૨૦ |

| | | |
|---|---|---|
| | **એમએસ પાવર પોઇન્ટ (MS Power point):**<br>● પાવરપોઇન્ટ ઇન્ટરફેસનો પરિચય, સ્લાઇડ્સ બનાવવી અને થીમ્સ લાગુ કરવી: નવી સ્લાઇડ દાખલ કરવી, સ્લાઇડ્સનું લેઆઉટ બદલવું, સ્લાઇડ્સ ડુપ્લિકેટ કરવી, સ્લાઇડ કોપી અને પેસ્ટ કરવી, સ્લાઇડ લેઆઉટ પર થીમ્સ લાગુ કરવી, થીમનો રંગ બદલવો, સ્લાઇડ બેકગ્રાઉન્ડ, સ્લાઇડ બેકગ્રાઉન્ડ ફોર્મેટ કરવું, સ્લાઇડ વ્યૂઝનો ઉપયોગ કરવો.<br>● સ્લાઇડ માસ્ટરનો ઉપયોગ: સ્લાઇડ માસ્ટરનો ઉપયોગ કરવો, લેઆઉટ વિકલ્પ દાખલ કરવો, કસ્ટમ લેઆઉટ બનાવવું, પ્લેસહોલ્ડર્સ (placeholders) દાખલ કરવાં, પ્લેસહોલ્ડર્સ ફોર્મેટ કરવાં.<br>● સ્લાઇડ શો વિકલ્પ: સ્લાઇડ શો શરૂ કરવો, વર્તમાન સ્લાઇડ પરથી શો શરૂ કરવો, રિહર્સ ટાઇમિંગ (rehearse timing), કસ્ટમ સ્લાઇડ શો બનાવવો. | |
| ૫ | **ઉદ્યોગ નીતિ**<br>આત્મનિર્ભર ગુજરાત યોજના, ૨૦૨૨* (MSME, Large, Mega)<br>ગુજરાત ટેક્સટાઇલ પોલિસી, ૨૦૨૪*<br>ધ માઇક્રો એન્ડ સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઇઝિસ ડેવલપમેન્ટ એક્ટ, ૨૦૦૬, MSMED ACT-2006 અને તેમાં થયેલ સુધારાઓ,<br>પર્ચેઝ પોલિસી, ૨૦૨૪ (Purchase Policy, 2024),<br>ગુજરાતની સ્ટાર્ટઅપ પોલિસી (Startup Policy of Gujarat)<br>EODB (ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ)<br>પ્રવર્તમાન નીતિ મુજબ (As per Existing Policy) | ૪૦ |

**ખાસ નોંધ:**

(૧) **Part-A** ના પ્રશ્નો ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં રહેશે.

(૧) ભારતનું બંધારણ અને વર્તમાન પ્રવાહોના પ્રશ્નો ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં રહેશે.
(૨) ગુજરાતી કોમ્પ્રિહેન્શનના પ્રશ્નો માત્ર ગુજરાતી ભાષામાં રહેશે.
(૩) અંગ્રેજી કોમ્પ્રિહેન્શનના પ્રશ્નો માત્ર અંગ્રેજી ભાષામાં રહેશે.

(૨) **Part-B** માટે ભાષા નીચે મુજબ રહેશે.

૧. શૈક્ષણિક લાયકાતને સંબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં રહેશે.

(૩) સંબંધિત મુદ્દા (**Topic**) સામે દર્શાવેલા ગુણ ઉમેદવારોની જાણકારી માટેના સૂચિત ગુણ છે. મંડળ દ્વારા જરૂર જણાયે સંજોગોવસાત તેમાં સામાન્ય ફેરફારને અવકાશ રહેલો છે. જે માટે મંડળ કોઈપણ જાતનું કારણ આપવા બંધાયેલ નથી.

(૪) અભ્યાસક્રમનું ગુજરાતી ભાષાંતર ઉમેદવારોની સમજણ માટે છે. ભાષાંતરના અર્થઘટનના કિસ્સામાં અંગ્રેજી અભ્યાસક્રમમાં દર્શાવેલ બાબતો આખરી ગણવાની રહેશે.

(૫) પરીક્ષાના પ્રશ્નો ગુજરાતી અને અંગ્રેજી એમ બંન્ને ભાષામાં હોય ત્યારે તેવા પ્રશ્નોમાં જો અર્થઘટન અંગેનો પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે સંબંધે મંડળ દ્વારા સંબંધિત પ્રશ્નને ઘ્યાને લઈ કરવામાં આવેલો નિર્ણય આખરી રહેશે.

(૬) સ્પર્ધાત્મક પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી ની પ્રસિદ્ધિ બાદ સ્વૈચ્છિક રીતે/ મળેલા વાંધાઓને ઘ્યાને લઈ ફાઈનલ આન્સર કીની પ્રસિદ્ધિમાં કોઈ પ્રશ્ન રદ કરવામાં આવે તો, તેવા સંજોગોમાં રદ થયેલા પ્રશ્નના ગુણની બાકી રહેલા પ્રશ્નના ગુણભારમાં પ્રો–રેટા (**Pro-Rata**) મુજબ ગણતરી કરવામાં આવશે.

(૭) ઉમેદવાર પ્રશ્નનો સાચો જવાબ આપશે તો તે પ્રશ્નને પ્રો–રેટા અનુસાર ફાળવેલ ગુણભાર મુજબ ગુણ આપવામાં આવશે, ખોટા જવાબ આપવાના સંજોગોમાં પ્રશ્નને પ્રો–રેટા મુજબ જે ગુણભાર આપવામાં આવેલો હોય તેના 1/4 માર્ક ઉમેદવારે મેળવેલ ગુણમાંથી ઓછા કરવામાં આવશે.

સ્પર્ધાત્મક પરીક્ષાની તારીખ અને કોલ લેટર ડાઉનલોડ કરવા માટેનો વિગતવાર કાર્યક્રમ હવે પછી મંડળની વેબસાઈટ પર મૂકવામાં આવશે. જેની સંબંધિત ઉમેદવારોને નોંધ લેવા આથી જણાવવામાં આવે છે.

---